અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ એપ્રિલ ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૫ | અંક : ૨૮૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીમાં વિલંબ** | એવું માનવામાં આવી રહ્યું છે કે, આગામી ૨-૩ દિવસોમાં લગભગ ૬ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષઓની જાહેરાત થઈ શકે છે

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ મામલે પીએમ મોદી ખુદ એક્ટિવ થયા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીમાં વિલંબ થતાં હવે પીએમ મોદી ખુદ એક્ટિવ થયા છે. પીએમ મોદીએ પોતાના નિવાસસ્થાને અમિત શાહ, રાજનાથ સિંહ અને બીએલ સંતોષ સહિતના વરિષ્ઠ નેતાઓ સાથે મેરેથોન બેઠક યોજી હતી. આ નેતાઓએ ભાજપ અધ્યક્ષની ચૂંટણીની રાહમાં રાજકીય અવરોધ બનેલા ઉત્તરાખંડ, ગુજરાત અને કર્ણાટક સહિત લગભગ એક ડઝન રાજ્યોની સંગઠનાત્મક ચૂંટણીઓનો ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો. એવું માનવામાં આવી રહ્યું છે કે, આગામી ૨-૩ દિવસોમાં લગભગ ૬ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષઓની જાહેરાત થઈ શકે છે. આ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષના નામ ફાઈનલ થયા બાદ જ આગામી અઠવાડિયે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના નામ પર પણ મહોર લાગી જશે.



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી જાન્યુઆરીમાં થવાની હતી, પરંતુ અડધો એપ્રિલ વીતી ગયો હોવા છતાં આ ચૂંટણી ન થઈ શકી. જેપી નડ્ડાને જાન્યુઆરી ૨૦૨૦માં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ભાજપના બંધારણ પ્રમાણે જેપી નડ્ડાનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માં સમાપ્ત થયો હતો, પરંતુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને કારણે તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો. લોકસભા ચૂંટણીને લગભગ એક વર્ષ થઈ ગયું છે, પરંતુ હજુ સુધી ભાજપ અધ્યક્ષના નામ પર કોઈ નિર્ણય નથી થઈ શક્યો. ભાજપની સંસદીય સમિતિએ ૧૩ માર્ચે જેપી નડ્ડાનો કાર્યકાળ ૪૦ દિવસ માટે લંબાવ્યો હતો. આમ ૨૩ એપ્રિલે આ સમય પૂર્ણ થઈ રહ્યો છે. હવે સમય નજીક આવતો જોઈને પીએમ મોદીએ મોરચો સંભાળ્યો છે, જેના સંદર્ભમાં બુધવારે બપોરે પ્રધાનમંત્રી આવાસ પર એક મોટી બેઠક યોજાઈ હતી અને ૨૩ એપ્રિલ પહેલા નવા અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રણનીતિ નક્કી કરવામાં આવી છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક કરીને અધ્યક્ષની ચૂંટણી અંગે મંથન કર્યું. આ દરમિયાન કર્ણાટક, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ગુજરાત, મધ્ય પ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, હરિયાણા અને હિમાચલના પ્રદેશ પ્રમુખોના નામો પર ચર્ચા થઈ. પીએમ મોદીની બેઠકમાં ૬ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષના નામો પર સર્વસંમતિ સધાઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આગામી બે-ત્રણ દિવસમાં લગભગ અડધો ડઝન રાજ્યોના અધ્યક્ષોના નામની જાહેરાત થઈ શકે છે. ત્યારબાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા ૨૦ એપ્રિલથી શરૂ થઈ શકે છે. કર્ણાટક, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ગુજરાત, મધ્ય પ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, હરિયાણા અને હિમાચલ જેવા રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ ન થવાના કારણે રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગીમાં વિલંબ થઈ રહ્યો છે. આ રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ થયા વિના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી શક્ય નથી. ભાજપના બંધારણ પ્રમાણે રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે એક ચૂંટણી મંડળની રચના કરવી પડે છે, જેના સભ્યો રાષ્ટ્રીય પરિષદ અને રાજ્ય પરિષદના સભ્યો હોય છે. તેમાં રાજ્યોની રાષ્ટ્રીય પરિષદમાં ભાગીદારી લગભગ ૫૦% છે. આવી સ્થિતિમાં જ્યાં સુધી સંગઠનાત્મક ચૂંટણીઓ ન થાય ત્યાં સુધી ન તો રાષ્ટ્રીય પરિષદનો ક્વોટા ભરી શકાશે કે ન તો ચૂંટણી મંડળની રચના થઈ શકશે. ઉત્તર પ્રદેશમાં ભાજપ નક્કી નહોતી કરી શકતી કે, પ્રદેશ અધ્યક્ષ દલિત અને પછાત વર્ગમાંથી હોવો જોઈએ કે સુવર્ણ જાતિમાંથી.

### ભાજપ અધ્યક્ષની સાથે સંગઠનને પણ આકાર આપવા માગે છે

**ભાજપ પ્રદેશ અધ્યક્ષની સાથે-સાથે રાષ્ટ્રીય અધ્યક્ષથી પાર્ટી પોતાની રાજકીય દશા અને દિશા જાણશે. રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા ભાજપ પોતાના રાજકીય સમીકરણોને વધુ ધાર આપશે પરંતુ પ્રાદેશિક સમીકરણોને સાધવા પર મહત્ત્વ નહીં આપશે. સૂત્રોનું કહેવું છે કે, પાર્ટીને એવા નેતૃત્વની જરૂર છે જે ભાજપના વિશાળ નેટવર્કને કાર્યક્ષમ રીતે સંભાળી શકે. આ ઉપરાંત તે સંઘની પસંદગીનો અને મોદી-શાહનો વિશ્વાસપાત્ર હોવો જોઈએ. જે પણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે, ૨૦૨૯ની લોકસભા ચૂંટણી તેમના નેતૃત્વમાં જ લડવામાં આવશે. આમ રાષ્ટ્રીય અધ્યક્ષ ભાજપના રાજકીય સમીકરણમાં ફિટ થવાની સાથે-સાથે વિજય અપાવનાર પણ હોવો જોઈએ. ભાજપ અધ્યક્ષની સાથે સંગઠનને પણ આકાર આપવા માગે છે. ભાજપની કેન્દ્રીય ટીમમાં નવું નેતૃત્વ બનાવવા માટે સચિવો અને મહામંત્રીઓની ટીમમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સ્થાન યુવાનોને આપવા પર મંથન ચાલી રહ્યું છે. નેતૃત્વની ઈચ્છા સંસદીય બોર્ડમાં વરિષ્ઠ નેતાઓને જ સ્થાન આપવાની છે.**

## માતા વૈષ્ણો દેવી ધામમાં અચાનક ભીડ ઘટી ગઈ



**। (એજન્સી) જમ્મુ, તા.૧૭ ।**

ત્રણ દિવસની રજા પૂરી થયા બાદ માતા વૈષ્ણો દેવીના દર્શને આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઘટાડો થયો છે. પહેલા જ્યાં દરરોજ ૪૫,૦૦૦થી ૫૦,૦૦૦ શ્રદ્ધાળુઓ માતાના દરબારમાં દર્શન કરતા હતા, ત્યાં હવે આ સંખ્યા ઘટીને ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ની વચ્ચે રહી ગઈ છે. હાલમાં લગભગ ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ તીર્થયાત્રીઓ માતા વૈષ્ણો દેવીની યાત્રા માટે આધાર શિબિર કટડા પહોંચી રહ્યા છે. બુધવારે સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં લગભગ ૧૮,૮૦૦ શ્રદ્ધાળુઓ રજિસ્ટ્રેશન કરાવીવે ભવન તરફ પ્રસ્થાન કર્યું અને બાકીના અને બાકીના યાત્રાળુઓની અવરજવર ચાલુ છે. મંગળવારે, ૨૭,૧૭૭ શ્રદ્ધાળુઓએ માતા વૈષ્ણો દેવીના દર્શન કર્યા. શનિવાર, રવિવાર અને સોમવારે સતત રજાઓ હોવાથી વૈષ્ણોદેવી યાત્રામાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો, જે દરમિયાન દરરોજ ૪૫,૦૦૦ થી ૫૦,૦૦૦ ભક્તો દર્શન માટે આવી રહ્યા હતા. હાલમાં માતા વૈષ્ણો દેવીના દર્શને આવતા તમામ ભક્તો કોઈપણ મુશ્કેલી વગર યાત્રા કરી રહ્યા છે. મજબૂત વ્યવસ્થાઓના કારણે શ્રદ્ધાળુઓ સરળતાથી યાત્રા કરી રહ્યા છે અને તેમને દરેક પ્રકારની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

સરકારે માગ્યો એક અઠવાડિયાનો સમય

## સતત બીજા દિવસે સુપ્રીમ કોર્ટમાં વક્ફ એક્ટ પર સુનાવણી ચાલી

### CJI એ કહ્યું, "કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને વક્ફ બોર્ડે એક અઠવાડિયાની અંદર પોતાનો જવાબ દાખલ કરવો જોઈએ

**। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૭ ।**

ગુરુવારે સતત બીજા દિવસે સુપ્રીમ કોર્ટમાં વક્ફ એક્ટ પર સુનાવણી ચાલી રહી છે. કોર્ટે બપોરે ૨ વાગ્યે આ મામલે સુનાવણી શરૂ કરી. આ પહેલા બુધવારે પણ કોર્ટમાં સુનાવણી થઈ હતી. આ સમય દરમિયાન, મુસ્લિમ પક્ષ અને કેન્દ્ર સરકારે પોતપોતાના દલીલો રજૂ કરી. કોર્ટે બુધવારે સંકેત આપ્યો હતો કે તે આ અંગે વચગાળાનો આદેશ આપી શકે છે. આ અંગે, કેન્દ્ર સરકારે બુધવારે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે વચગાળાનો આદેશ આપતા પહેલા તેમની દલીલો સાંભળવી જોઈએ. CJI એ કહ્યું, "કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને વક્ફ બોર્ડે એક અઠવાડિયાની અંદર પોતાનો જવાબ દાખલ કરવો જોઈએ." CJI એ એમ પણ કહ્યું કે, "૧૯૯૫ અને ૨૦૧૩ ના વક્ફ કાયદાઓને પડકારતી અરજીઓને સુપ્રીમ



કોર્ટની કારણ યાદીમાં અલગથી મૂકવામાં આવશે જેથી તેમની અલગથી સુનાવણી થઈ શકે." સુપ્રીમ કોર્ટ હવે આગામી સુનાવણી ૫ મેના રોજ કરશે. સુપ્રીમ કોર્ટે વક્ફ એક્ટ કેસમાં કેન્દ્ર સરકારને જવાબ આપવા માટે સાત દિવસનો સમય આપ્યો છે. પાંચ દિવસ પછી, અરજદારોએ પોતાનો જવાબ દાખલ કરવાનો રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી હતી કે કાઉન્સિલ અને બોર્ડમાં કોઈ નિમણૂક કરવામાં આવશે નહીં. આગામી સુનાવણીની તારીખ સુધી, પહેલાથી જ નોંધાયેલા અથવા જાહેર કરાયેલા વક્ફ સહિત, વક્ફને ડિનોટિફાઈ કરવામાં આવશે નહીં કે કલેક્ટરને બદલવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેન્દ્રએ સાત દિવસની અંદર પોતાનો જવાબ દાખલ કરવો પડશે. સુપ્રીમ કોર્ટે આ કાયદા પર કોઈ સ્ટે મૂક્યો નથી. જોકે, તેણે ૨૦૨૫ના વક્ફ સુધારા કાયદા મુજબ સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ અને બોર્ડમાં કોઈપણ નિમણૂક અંગે એસજી તુષાર મહેતા દ્વારા આપવામાં આવેલી ખાતરીને રેકોર્ડ પર લીધી છે અને કહ્યું છે કે વપરાશકર્તા દ્વારા પહેલાથી જ વક્ફ તરીકે જાહેર કરાયેલી અને મૂળ ૧૯૯૫ના કાયદા હેઠળ નોંધાયેલ મિલકતોને ખલેલ પહોંચાડવામાં આવશે નહીં.

પોલીસે ઈમેલ ક્યાંથી આવ્યો તે તપાસ માટે સાયબર એક્સપર્ટ્સની મદદ લીધી

## દિલ્હીની કોર્ટ સહિત દેશમાં ચાર સ્થળોએ બોમ્બની ધમકી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

દેશભરની વિવિધ સરકારી કચેરીઓને બુધવારે એક સાથે બોમ્બની ધમકી મળતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. દિલ્હીની દ્વારકા કોર્ટ, છત્તીસગઢની કલેક્ટર ઓફિસ, કેરળના પલક્કડની રેવન્યુ ઓફિસ તથા હિમાચલ પ્રદેશના ડેપ્યુટી કમિશનરની ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ હતી. દિલ્હીની દ્વારકા કોર્ટના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને મંગળવારે વહેલી સવારે ૩.૧૧ કલાકે કોર્ટના પરિસરમાં બોમ્બ મુકાયો હોવાની જાણ કરતો ઈમેલ મળ્યો હતો. જેને પગલે બુધવારે સવારે પોલીસને સવારે જાણ કરાતાં ડોગ અને બોમ્બ સ્ક્વોડે સમગ્ર પરિસરની તપાસ કરી હતી. જોકે તપાસમાં કંઈ શંકાસ્પદ નહીં મળી આવતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. બોમ્બ મુકાયાની ધમકીની અન્ય એક ઘટનામાં છત્તીસગઢના કબિરધામ જિલ્લા કલેક્ટોરેટને કચેરીમાં બોમ્બ મુકાયો હોવાનો ઈમેલ કરાયો હતો.આ બોમ્બ બપોરે ૨.૩૦ કલાકે ફાટશે તેવી ધમકી અપાઈ હતી. જોકે અહીં પણ પોલીસ તપાસમાં કંઈ મળ્યું નહોતું. બોમ્બ મુકાયાની ધમકીના ઈમેલ મળ્યાંની અન્ય ઘટનાઓ કેરળના પલક્કડ જિલ્લાના રેવન્યુ ડિવિઝનલ ઓફિસરની ઓફિસ તથા હિમાચલ પ્રદેશના ડેપ્યુટી કમિશનરની ઓફિસમાં બની હતી. આ બંને સ્થળે પણ ડોગ અને બોમ્બ સ્ક્વોડે સઘન તપાસ હાથ ધરી હતી. જોકે બંનેમાંથી એક પણ સ્થળે કંઈ વાંધાજનક મળ્યું નહોતું.

GPS દ્વારા સીધો બેન્ક ખાતાંમાંથી કપાશે ટોલ ટેક્સ

## પહેલી મે થી FASTagનો ઉપયોગ થઈ શકશે નહીં

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

દેશમાં નેશનલ હાઈવે પર વસૂલાતા ટોલ ટેક્સ પર સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકાર ૧ મે, ૨૦૨૫થી FASTag ના સ્થાને એક નવી સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવા જઈ રહી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ અંગે માહિતી આપી હતી. આગામી ૧૫ દિવસમાં નવી ટોલ નીતિ રજૂ કરાશે. જે પ્રવાસીઓ માટે વધુ અનુકૂળ અને સંતોષજનક રહેશે. આ સુવિધાથી વધુ પડતો ટોલ ટેક્સ કપાઈ જવાની ફરિયાદોમાંથી મુક્તિ મળશે. ટોલ ટેક્સમાં પારદર્શિતા વધશે. સરકાર જે નવી ટોલ સિસ્ટમની વાત કરી રહી છે, તેનું નામ છે ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (GNSS). આ એક જીપીએસ આધારિત પ્રણાલી છે. જેમાં વાહનનું લોકેશન સેટેલાઈટની મદદથી ટ્રેક કરવામાં આવશે. અને તેના આધારે અંતર અનુસાર ટોલ ચાર્જ સીધો બેન્ક એકાઉન્ટમાંથી કપાશે. એટલે હવે ટોલ પ્લાઝા પર રોકાવાની કે રાહ જોવાની જરૂર પડશે નહીં. FASTag પ્રણાલીમાં કેશના સ્થાને ડિજિટલ પેમેન્ટ હોય છે. પરંતુ તેમાં વ્હિકલને ટોલ બૂથ પર અટકાવવુ પડે છે. ઘણીવખત લાંબી કતારોમાં રાહ પણ જોવી પડે છે.

ભારતની ફક્ત એક મહિલાને મળ્યું સ્થાન

## ટાઈમ મેગેઝિને બહાર પાડી વિશ્વના ટોપ ૧૦૦ પ્રતિભાશાળી લોકોની યાદી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।**

ટાઈમ મેગેઝિને વર્ષ ૨૦૨૫ માં વિશ્વના સૌથી પ્રભાવશાળી લોકોની યાદી બહાર પાડી છે. ભારતીય મૂળના રેશ્મા કેવલરામાણીનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રેશ્મા અમેરિકન બાયોટેકનોલોજી કંપની વર્ટેક્સ ફાર્માસ્યુટિકલ્સના સીઈઓ છે. તમને જણાવી દઈએ કે આ વર્ષે આ યાદીમાં સામેલ થનાર તે એકમાત્ર ભારતીય છે. મુંબઈમાં જન્મેલી રેશ્મા માત્ર ૧૧ વર્ષની ઉંમરે પોતાના પરિવાર સાથે અમેરિકા ગઈ હતી. તે હાલમાં બોસ્ટનમાં રહે છે. તેમને બે જોડિયા પુત્રો પણ છે. ૧૯૯૮માં, રેશ્માએ બોસ્ટન યુનિવર્સિટીમાંથી લિબરલ આર્ટ્સ/મેડિકલ એજ્યુકેશન પ્રોગ્રામ પૂર્ણ કર્યો. આ પછી તેમને મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં ફેલોશિપ મળી. આ પછી, ૨૦૧૫ માં, તેમણે હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી જનરલ મેનેજમેન્ટમાં ડિગ્રી મેળવી.

શેરબજારમાં તેજીની હેટ્રિક

## સેન્સેક્સ ૧.૯૬% પોઈન્ટ વધીને ૭૮,૫૫૩.૨૦ પર બંધ થયો

**। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।**

અઠવાડિયાનો ટ્રેડિંગનો છેલ્લો દિવસ ફરી એકવાર બજાર માટે ઉત્સાહજનક સાબિત થયો છે. ગુરુવારે ૩૦ શેરનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ BSE સેન્સેક્સ ૧૫૦૮.૯૧ (૧.૯૬%) પોઈન્ટ વધીને ૭૮,૫૫૩.૨૦ પર બંધ થયો છે. બીજી તરફ ૫૦ શેરોવાળો NSE નિફ્ટી ૪૧૪.૪૫ (૧.૭૭%) પોઈન્ટ વધીને ૨૩,૮૫૧.૬૫ પર બંધ થયો છે. બજાર નિષ્ણાતોના મતે રોકાણકારો આ સમયે મોટા, સ્થિર અને સસ્તા મૂલ્યાંકનવાળા બેંકિંગ શેરો તરફ વળી રહ્યા છે. ICICI બેંક અને HDFC બેંક જેવી કંપનીઓ ૧૯ એપ્રિલે તેમના માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે. આ પહેલા રોકાણકારોનો રસ આ શેરોમાં જોવા મળી રહ્યો છે. માર્કેટના નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, "બેંક નિફ્ટીએ સેન્સેક્સ અને નિફ્ટી કરતાં વધુ સારો દેખાવ કર્યો છે. આ દેશના મજબૂત મેક્રોઈકોનોમિક વાતાવરણમાં રોકાણકારોના વિશ્વાસને દર્શાવે છે." અન્ય નિષણાંતોએ જણાવ્યું હતું કે, "રોકાણકારો એવી કંપનીઓમાં રોકાણ કરી રહ્યા છે જે સ્થાનિક માંગ પર આધારિત છે - જેમ કે બેંકિંગ, ટેલિકોમ, એવિએશન, સિમેન્ટ અને ઓટો ક્ષેત્ર." સેન્સેક્સ અને નિફ્ટી બજારમાં મજબૂત વધારા સાથે બંધ થયા હતો. F&O સેટઅપ વિશે વાત કરીએ તો, આજે દિલ્હીવેરી, KEI ઈન્ડસ્ટ્રીઝ, JSPL, HUDCO અને એન્જલ વનના શેરમાં લાંબી તેજી જોવા મળી હતી.



**ન્યૂઝ બ્રિફ**

## અમદાવાદમાં અંગ દઝાડતી ગરમી, રોગચાળામાં પણ થયો વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

રાજ્યમાં અંગ દઝાડતી ગરમીથી શહેરીજનો શેકાઈ રહ્યા છે, ત્યારે વધતી ગરમીએ રોગચાળો પણ વધાર્યો છે. ગરમીના લીધે સોલા સિવિલ હોસ્પિટલમાં હીટ સ્ટ્રોકના રોજના ૧૦ દર્દી સારવાર લઈ રહ્યા છે, ત્યારે ગરમીના લીધે ગભરામણ, આંખે અંધારા, ઝાળા-ઉલટીની સમસ્યાની વધુ ફરિયાદ ઉઠી રહી છે. સોલા સિવિલ હોસ્પિટલમાં એક સપ્તાહમાં ૧૧,૬૪૦ ઓપીડી નોંધાઈ છે. સોલા સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના શંકાસ્પદ ૬૭ કેસ, મેલેરિયાના શંકાસ્પદ ૨૭૮ કેસ તો ઝાડા ઉલ્ટીના ૩૫ દર્દી એડમિટ કરવાની ફરજ પડી છે. ગરમીમાં પાણી વધુ પીવા તબીબે લોકોને અપીલ કરી છે, તેમજ બપોરે ૧થી ૪ વાગ્યા સુધી કામ ન હોય તો ઘરની બહાર નીકળવું ન જોઈએ તેવું નિષ્ણાંત તબીબે કહ્યું છે. હવામાન વિભાગ તરફથી કરવામાં આવેલી આગાહી મુજબ રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે.

## ખેડૂત પાસે ૨.૫૦ લાખની સામે ૧૨,૩૦,૦૦૦ની ચૂકવણી કરવા ઉઘરાણી

। (એજન્સી) જુનાગઢ, તા.૧૭ ।

જુનાગઢના કેશોદમાં વ્યાજખોરનો ત્રાસ યથાવત જોવા મળી રહ્યો છે. કેશોદના પીપળી ગામના ખેડૂતે વ્યાજખોરથી કંટાળીને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વ્યાજખોરે ખેડૂતને ધમકી આપતા કહ્યું છે કે જો રૂપિયાની ભરપાઈ નહીં કરે તો તારા પુત્રને મારી નાખીશ. ખેડૂતે રૂપિયા ૨.૫૦ લાખની સામે ૫ લાખ રૂપિયાની ચૂકવણી કરી દીધી છે, છતાં પણ વ્યાજખોર દ્વારા પૈસાની સતત ઉઘરાણી કરવામાં આવી રહી છે. પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી. વ્યાજખોરે ખેડૂતને કહ્યું કે જો તું ૧૨.૩૦ લાખ રૂપિયા નહીં આપે તો તારા પુત્રને મારી નાખીશ.

## જેતપુરમાં પોલીસે ૩૧ બાળમજૂરોને મુક્ત કરાવ્યા

। (એજન્સી) જેતપુર, તા.૧૭ ।

ગુજરાત સહિત દેશભરમાં બાળ મજૂરી કરાવવી ગુનો છે. તેમ છતાં અનેક જગ્યાએ લોકો નાના ભૂલકાઓનું ભવિષ્ય અંધકારમાં ધકેલતા જોવા મળે છે. આવી જ એક ઘટના ગુજરાતના જેતપુરમાંથી સામે આવી છે. જેતપુરના સાડીના કારખાનામાંથી ૩૧ જેટલાં બાળમજૂરોને મુક્ત કરાયા છે. આ બાળમજૂરો ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાં લાવવામાં આવતા અને અહીં કામ કરાવવામાં આવતું.

# અદાણી પોર્ટસે NQXT ઓસ્ટ્રેલિયાની વાર્ષિક ૫૦ મિલીયન ટન ક્ષમતા સંપાદીત કરીને ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૧ અબજ ટન પહોંચવાનો રાહ મોકળો કર્યો

### એક કાર્યક્ષમ અને રોકડ ઉપાર્જન કરતી અસ્ક્યામત NQXT તેની વૈશ્વિક વિસ્તરણ વ્યૂહરચનાને અનુરૂપ પૂર્વ-પશ્ચિમ વેપાર કોરિડોર સાથેAPSEZના અસ્તિત્વને એકીકૃત કરશે

। અમદાવાદ, તા.૧૭ ।

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન ઉપયોગી કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (એપીએસઈઝેડ) ના બોર્ડ ઓફ ડિરેક્ટરએ કાર્મિશેલ રેલ અને પોર્ટ સિંગાપોર હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ, સિંગાપોર (સીઆરપીએસએચપીએલ) માંથી એબોટ પોઈન્ટ પોર્ટ હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ (એપીપીએચ), સિંગાપોરના સંપાદનને મંજૂરી આપી છે. કાર્મિશેલ રેલ અને પોર્ટ સિંગાપોર હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ એક સંબંધિત પક્ષકાર છે.

નોર્થ ક્વીન્સલેન્ડ એક્સપોર્ટ ટર્મિનલ ધરાવતી અને તેનું સંચાલન કરતી એપીએચ અલગ ઓળખ ધરાવે છે જે હાલમાં વાર્ષિક ૫૦ મિલિયન ટન ક્ષમતા ધરાવતું સમર્પિત નિકાસ ટર્મિનલ છે. બોવેનથી આશરે ૨૫ કિમી ઉત્તરમાં, ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે ઉત્તર ક્વીન્સલેન્ડમાં એબોટ પોઈન્ટ બંદર પર આ ટર્મિનલ આવેલું છે.

બિન-રોકડ ધોરણે સંપ્પન થનાર આ સોદામાં અદાણી પોર્ટસ કાર્મિશેલ રેલ અને પોર્ટ સિંગાપોર હોલ્ડિંગ્સ



પીટીઈ લિ.ને એપીપીએચમાં ૧૦૦% હિતના સંપાદનના બદલામાં ૧૪.૩૮ કરોડ ઈક્વિટી શેર આપશે. NQXTની ઓસ્ટ્રેલિયન $ 3,975 મિલિયનના એન્ટરપ્રાઈઝ મૂલ્ય પર આધારિત છે. આ સોદાના ભાગ રૂપે અદાણી પોર્ટ્સ અને સેઝ એપીએચના સરવૈયા પરની અન્ય નોન-કોર સંપત્તિ અને જવાબદારીઓ પણ ધારણ કરશે, જેનો હસ્તાંતરણના થોડા મહિનામાં અદાણી પોર્ટ્સ અને સેઝને (વ્યવહારના મૂલ્યની નેટ ઝીરો અસર)નો ખ્યાલ આવશે આ સોદા બાદ અદાણી પોર્ટસને થનાર લાભ સમાન સ્તરે રહેશે.

અદાણી પોર્ટસ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ.ના પૂર્ણકાલિન ડાયરેકટર અને સી.ઈ.ઓ. શ્રી અશ્વની ગુપ્તાએ આ હસ્તાંતરણ અંગે બોલતા જણાવ્યું હતું કે અમારી આંતર રાષ્ટ્રીય વ્યુહરચનામાં NQXTમાં સંપાદન એક મહત્વનું કદમ છે જે નિકાસના નવા બજારોને ઉઘાડશે અને મૂલ્યવાન ઉપભોક્તાઓ સાથે લાંબા ગાળાના કરાર પ્રાપ્ત કરશે. વ્યૂહાત્મક રીતે ઈસ્ટ-વેસ્ટ ટ્રેડ કોરિડોર પર સ્થિત NQXT ઉચ્ચ દેખાવ કરનારી અસ્કયામત તરીકે મજબૂત વૃદ્ધિ માટે સજ્જ છે, જે વધેલી ક્ષમતાથી આગળ વધે છે, મધ્યમ ગાળામાં આગામી કરારના રીન્યુઅલ અને લાંબા ગાળે હરીત હાઈડ્રોજનના નિકાસની સંભાવના ધરાવે છે. તેમણે કહ્યું હતું કે કંપની ચાર વર્ષમાં એબિડટાને ઓસ્ટ્રેલિયન ડોલર ૪૦૦ મિલિયન સુધી વધારવાનું લક્ષ્ય સેવી રહ્યા છીએ. 'ગ્રોથ વિથ ગુડનેસ'ના અમારા અભિગમ અને પર્યાવરણીય, સામાજિક અને શાસન પદ્ધતિઓમાં ઉચ્ચ ધોરણો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો દાખલો બેસાડવા માટે NQXTને આવકારવાનું અમોને ગૌરવ છે.

## પ્રથમ દિવસે વેરો ભરવા આવનારા પ્રથમ ૧૦ મિલકતધારકોનું કર્યુ સન્માન

। (એજન્સી) ભુજ, તા.૧૭ ।

ભુજ પાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેની વેરા વસૂલાતની કામગીરીનો વિધિવત્ રીતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. સવારે સાડા દસ કલાકે વેરા વસૂલાતની કામગીરીના પાલિકા દ્વારા શ્રીગણેશ કરવામાં આવ્યા હતા. પ્રથમ દિવસે વેરો ભરવા આવનારા પ્રથમ ૧૦ મિલકત ધારકોનું પાલિકા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં પ્રથમ દિવસે જ કુલ ૨૨૦ જેટલા મિલકત ધારકોએ તેમના વેરાની ભરપાઈ કરતાં પાલિકાને રૂ. ૧૧ લાખ જેટલી વેરા પેટે આવક થવા પામી હતી. પાલિકા દ્વારા જૂન માસ સુધી ચાલુ વર્ષનાં વેરાની ભરપાઈ કરનાર મિલકત ધારકોને ૧૦ ટકા જેટલું મિલકત વેરા પર રિબેટ આપવામાં આવશે.

પાલિકાના ટેક્સ સુપરિન્ટેન્ડેન્ટ અરવિંદસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ભુજ પાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨૨.૯૧ કરોડની ઐતિહાસિક વેરા વસૂલાત કરવામાં સફળતા મળી હતી, પરંતુ ૧લી એપ્રિલથી સરકારની ઈ-નગર સેવા બંધ કરવામાં આવી હતી. જેને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેની વેરા વસૂલાતની કામગીરી મંગળવાર, ૧૫ એપ્રિલ સુધી બંધ રાખવાની પહેલેથી જ પાલિકા દ્વારા જાહેરાત કરી દેવામાં આવી હતી. જેને કારણે મિલકત ધારકોને વેરાની ભરપાઈ માટે કચેરી સુધી ધક્કો ન થાય, પરંતુ સરકાર દ્વારા તા. ૧૬ એપ્રિલથી ઈ-નગર શરૂ કરવામાં આવતાં પાલિકા દ્વારા ૨૦૨૫-૨૬ના વર્ષ માટે વેરા વસૂલાતની કામગીરી શરૂ કરવામાં આવી હતી. એટલું જ નહીં પાલિકાની પરંપરા મુજબ પ્રથમ દિવસે વેરો ભરવા આવનારા પ્રથમ ૧૦ મિલકત ધારકોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

વધુમાં તેમણે વેરા વસૂલાતની કામગીરી શરૂ થવાની સાથે જ મિલકત ધારકોની વેરાની ભરપાઈ માટે કાઉન્ટર ઉપર લાઈનો જોવા મળી હતી. પરિણામે એક જ દિવસમાં ૧૨૦ જેટલા મિલકત ધારકોએ ચાલુ નાણાકીય વર્ષ માટે પોતાનાં વેરાની ભરપાઈ કરતાં પાલિકાને રૂ. ૧૧ લાખ જેટલી આવક થવા પામી છે તેમ જણાવી અંતમાં ઉમેર્યુ હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના માત્ર ચાલુ વર્ષના લેણાં બાકી હશે તેમને એપ્રિલ, મે અને જૂન સુધીમાં અંદાજિત ૧૦ ટકા જેટલું મિલકત વેરા પર રિબેટ આપવામાં આવશે, જેનો પણ લાભ લેવા મિલકત ધારકોને અનુરોધ કરવામાં આવે છે. ભુજ પાલિકા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ માટે વેરા વસૂલાતની કામગીરી શરૂ કરવામાં આવી છે, ત્યારે પ્રથમ દિવસે જ પાલિકાને વેરા પેટે રૂ. ૧૧,૨૪,૫૫૮ની વસૂલાત થવા પામી છે.

### પાલનપુરમાં વિશાળ મહારેલી યોજાઈ

## રાજ્યમાં મધ્યાહન ભોજનનું ખાનગીકરણ રોકવા માગ

। (એજન્સી) પાલનપુર, તા.૧૭ ।

રાજ્યમાં મધ્યાહન ભોજનનું ખાનગી કરણ થતું રોકવાની માગ સાથે આજે જિલ્લા મથક પાલનપુરમાં વિશાળ મહારેલી યોજાઈ છે. પાલનપુરના એરોમા સર્કલથી હજારો મહિલા મધ્યાહન ભોજન કર્મીઓએ રેલી કાઢી અને જિલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી મધ્યાહન ભોજનનું ખાનગી કરણ રોકવા માગ કરી છે અને જો ખાનગીકરણ નહીં રોકાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં પીએમ પોષણ યોજના અંતર્ગત ચાલતું મધ્યાહન ભોજન યોજના જે છેલ્લા કેટલાય વર્ષોથી કાર્યરત છે. સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજન સંચાલકો દ્વારા શાળામાં આવતા બાળકોને પોષણયુક્ત ખોરાક પૂરો પડાતો હોય છે. પરંતુ તાજેતરમાં સરકાર દ્વારા પીએમ પોષણ યોજના અંતર્ગત ચાલતી મધ્યાહન ભોજન યોજનાનું ખાનગીકરણ કરવા જમીન સંપાદન કરી દેવાયું અને સેન્ટરાઈઝ રસોડું બનાવવાનું કામ શરૂ કરાયું છે. વર્તમાન સમયમાં મધ્યાહન ભોજન સંચાલકો દ્વારા દરરોજ તાજુ ભોજન બનાવી વિદ્યાર્થીઓને પીરસવામાં આવી રહ્યું છે. પરંતુ હવે સરકાર દ્વારા મધ્યાહન ભોજનનું ખાનગીકરણ કરી સેન્ટ્રલાઈઝ રસોડામાં આ ખોરાક બનાવવાની શરૂઆત કરાવવાની છે અને તેને જ કારણે મધ્યાહન ભોજનના વ્યવસાય સાથે સંકળાયેલા હજારો પરિવારો બેરોજગાર બને તેવી સ્થિતિ ઊભી થઈ રહી છે.

### ગુજરાતના ચાવાળાના માથે આભ ફાટ્યું

## કોડીનારમાં ચાની લારીવાળાને ઈન્કમ ટેક્સની ૧૧૫ કરોડની નોટિસ મળી

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૧૭ ।

ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનારમાં હોટેલમાં ચા વેચનાર વ્યક્તિને આઈટી વિભાગે ૧૧૫ કરોડની નોટિસ આપતા પરિવાર પર આભ ફાટ્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. મહિને ૧૦ હજાર કમાતા વ્યક્તિને એક અબજથી વધુના ટ્રાન્ઝેક્શનની નોટિસ મળતા ખળભળાટ મચ્યો હતો. ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર એસટી બસ સેટેશન પાસે આવેલા શિવ પાર્ક નામનાં રેસ્ટોરન્ટમાં ચા વહેચનાર આસિફ મોહમદ શેખ. આસિફ છેલ્લા ૨૦ વર્ષથી અહીં ચા વેચવાનું કામ કરી મહિને દશ હજાર રૂપિયા કમાઈ છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે.આસિફ ક્યારેય ૫ લાખથી વધુ રૂપિયા જોયા પણ નથી..!! પરંતુ હાલ આસિફ મોહમદ શેખ અને તેના પરિવાર પર આભ ફાટ્યું છે. કારણ છે ઈનકમ ટેક્ષ વિભાગ. આ વિભાગે આસિફ મોહમદ શેખને ૧૧૫ કરોડ ૯૨ લાખ ૯ હજાર ૯૨૧ રૂપિયા ની નોટિસ ફટકારી ટ્રાન્ઝેક્શનનો ખુલાસો માગ્યો છે.જેને લય આસિફ મોહમદ શેખ અને તેનો પરિવાર મુસીબતમાં મુકાયો છે.

કોડીનારનો આસિફ શેખ જે રેસ્ટોરન્ટમાં મહિને દશ હજારમાં ચા વેચવાની નોકરી કરે છે તે રેસ્ટોરન્ટનાં માલિકનું કેહવુ છે કે આસિફ છેલ્લા વીસ વર્ષથી અહીંજ કામ કરે છે.તેની ઘરની સ્થિતિ ખૂબ દયનીય છે. તે ભાડાનાં મકાનમાં રહે છે.

### મફતના ભાવે ગુજરાતના પ્રવાસન સ્થળો ફરા

## ગુજરાત સરકારે વોલ્વો બસનું જાહેર કર્યું સાવ સસ્તું પેકેજ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સોમનાથ દર્શન અને નડાબેટ-વડનગર-મોઢેરા માટે એસી વોલ્વો બસમાં વિશેષ ટુર પેકેજ શરૂ કરવા રાજ્ય સરકારનો સકારાત્મક નિર્ણય. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્યના નાગરિકોને આરામદાયક ટુર પેકેજ ઉપલબ્ધ કરાવવા પ્રવાસન નિગમ અને GSRTC દ્વારા મહત્વપૂર્ણ પહેલ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ પ્રવાસન વિભાગના મંત્રી મુળુભાઈ બેરા તેમજ વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનથી ગુજરાત પ્રવાસન નિગમ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને સોમનાથ ટ્રસ્ટના સહિયારા પ્રયાસથી રાજ્યના નાગરિકો-પ્રવાસીઓ માટે દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ દર્શન તેમજ નડાબેટ, વડનગર અને મોઢેરા માટે વિશેષ ટુર પેકેજની શરૂઆત કરવા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સકારાત્મક નિર્ણયથી રાજ્યના પ્રવાસીઓને ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોની અફોર્ડેબલ અને આરામદાયક મુલાકાતનો લાભ મળશે. તા.૨૮મી એપ્રિલ-૨૦૨૪થી રાણીપ, અમદાવાદથી નિયમિત ધોરણે સવારે ૬:૦૦ કલાકે અધ્યતન એ.સી. વોલ્વો બસ ઉપડી, બપોરે ૪:૦૦ કલાકે સોમનાથ પહોંચશે અને બીજા દિવસે પરત ફરશે. પેકેજ વિગતઃ બે દિવસ/એક રાત્રિનું પેકેજ, પ્રતિ વ્યક્તિ રૂ. ૪ હજાર (સિંગલ શેરિંગ) અને રૂ. ૭૦૫૦(ડબલ શેરિંગ હોટેલ રૂમ સહિત).

સમાવેશઃ GSRTCની અધ્યતન એ.સી. વોલ્વો બસમાં પ્રવાસ, હોટેલ રોકાણ, સોમનાથ ખાતે લાઈટ-સાઉન્ડ શો તેમજ સોમનાથ ખાતેના દર્શનિય સ્થળો મ્યુઝિયમ, ત્રિવેણી સંગમ આરતી, ભાલકા તીર્થ, રામ મંદિર, ગીતા મંદિરની મુલાકાત. બીજા દિવસે બપોરે રામ મંદિર ખાતે કોમ્પ્લિમેન્ટરી પ્રસાદની સગવડ.

### નકલી કોર્ટ, પોલીસકર્મી, ડોક્ટરની સિલસિલો યથાવત

## પંચમહાલના શહેરમાંથી નકલી હોસ્પિટલ ઝડપાઈ

। (એજન્સી) પંચમહાલ, તા.૧૭ ।

ગુજરાતમાં નકલી કોર્ટ, પોલીસકર્મી, ડૉક્ટરની સિલસિલો યથાવત્ છે, ત્યારે પંચમહાલના ગોધરા શહેરમાંથી નકલી હોસ્પિટલ ઝડપાઈ હોવાનું સામે આવ્યું છે. જેમાં કોઈપણ પ્રકારની ડિગ્રી વગર બોગસ તબીબ દ્વારા ખોટી રીતે હોસ્પિટલ ખોલીને લોકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરવામાં આવતો હતો. શહેરમાં બોગસ હોસ્પિટલની જાણકારી મળતા મોડિકલ ઓફિસર અને પોલીસની સંયુક્ત ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસે એલોપેથિક દવાઓ અને ઈન્સ્ટ્રૂમેન્ટ મળી કુલ રૂ.૩.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બોગસ તબીબીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પંચમહાલના ગોધરા શહેરમાંથી કોઈપણ પ્રકારની માન્યતા પ્રાપ્ત ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે હોસ્પિટલ ચાલતી હતી. જેમાં ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં સંદીપ ભીડે નામનો વ્યક્તિ કોઈપણ પ્રકારની તબીબી ડીગ્રી વગર આસ્થા નામની હોસ્પિટલ ચલાવી રહ્યો હતો. પંચમહાલ એસ.ઓ.જી પોલીસ અને ગોધરાના જનરલ હોસ્પિટલના મેડિકલ ઓફિસરની સંયુક્ત તપાસ કરવામાં આવી હતી. પોલીસ અને મેડિકલ ઓફિસરની તપાસ દરમિયાન કોઈપણ પ્રકારના લાયસન્સ વગર હોસ્પિટલમાં ચાલતી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે મેડિકલ પ્રેક્ટિસ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ મુજબ ફરિયાદ નોંધીને એલોપેથિક દવાઓ અને ઈન્સ્ટ્રૂમેન્ટ મળી કુલ રૂ.૩,૮૬,૮૪૩નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેમાં ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે સંદીપ ભીડે નામના બોગસ તબીબ ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**વિશેષ** | અલગ અલગ નસલની ગીર ગાય રાખી દૂધમાંથી દહીં, છાશ, માખણ અને ઘી બનાવી ઘર-આંગણે જ વેચાણ કરી આત્મનિર્ભર બની રોજગારી મેળવતા ગૌ-પાલક દિપેનભાઈ દેસાઈ

# લંડનમાં MBAનો અભ્યાસ પૂર્ણ કરી વતન પરત ફરી દિપેનભાઈ દેસાઈએ ગીર ગાયોના દૂધમાંથી દહીં, છાશ, માખણ અને ઘી બનાવી ઘર-આંગણે રોજગારી મેળવે છે

### દિપેનભાઈ પશુપાલન થકી અંદાજીત ૩ થી ૪ લાખ આવકની કમાણી વર્ષે કરે છેઃ અન્ય પશુપાલકોને પ્રેરણા પુરી પાડે છે

। (માહિતી) ગાંધીનગર ।





લંડનમાં માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો અભ્યાસ પૂર્ણ કરી વતન પરત ફરી નર્મદા જિલ્લાના લાછરસ ગામમાં ગૌ-પાલક શ્રી દિપેનભાઈ કાંતિભાઈ દેસાઈ છેલ્લા ૫ વર્ષથી ગૌ-શાળા બનાવી અલગ-અલગ નસલની ગીર ગાયો રાખે છે. જેના દૂધમાંથી દહીં, છાશ, માખણ અને ઘી બનાવી ઘર-આંગણે જ વેચાણ કરી રોજગારી મેળવે છે. શ્રી દિપેનભાઈ દેસાઈ પશુપાલન સાથે પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કરતા જણાવ્યું કે, ગાય આધારિત ખેતીનું મહત્વ પરિવારને સમજાવ્યા બાદ અમે શરૂઆતમાં એક ગાય લાવી એનું પાલન-પોષણ કરી સ્થાનિક કક્ષાએ દૂધનું વેચાણ કરવાની શરૂઆત કરી. ત્યારબાદ ગાયોમાં વધારો થતા ગૌ-શાળા બનાવી ગાયોની સાર-સંભાળ રાખીએ છે. ગૌ-પાલક શ્રી દિપેનભાઈ પાસે ૯ મોટી ગીર ગાયો, ૪ મધ્યમ કદની ગીર ગાયો, ૮ વાછરડીઓ અને ૧ નંદી છે. ગીર ગાયના દૂધમાંથી ઘર-આંગણે દહીં, છાસ, માખણ અને ઘી બનાવીને નર્મદા સહિત અન્ય જિલ્લામાં, રાજ્યમાં પણ વેચાણ કરી બમણી કમાણી કરૂ છું. તેમજ ગૌ-શાળામાં ગાયોની સાર-સંભાળ રાખતા સ્થાનિક લોકોને પણ ઘર-આંગણે આવક મળી રહે છે. નવાઈની વાત એ છે કે, શ્રી દિપેનભાઈએ ગૌ-શાળામાં રાખવામાં આવેલ ગાયો, વાછરડીઓ અને નંદીને ઓનલાઈન સીસટમ થકી પાણી પીવડાવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, લીલો ઘાસ-ચારો ખેતરમાં ઉગાડીને પશુપાલનને ખવડાવવામાં આવે છે. અને ગૌ-મુત્રનો સંગ્રહ કરીને એમાંથી બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, આચ્છાદાન, વર્મી કમ્પોસ્ટ ખાતર બનાવે છે. જેનો ખેતરમાં ઉપયોગ કરે છે. આ ખાતરનો ઉપયોગ ૧૨ એકરની જમીનમાં હળદર, પપૈયા, શેરડી, કેળા, લીંબુ, જામફળ, જાબું સહિત વિવિધ પ્રકારની શાકભાજી અને ફળફળાદીઓની પ્રાકૃતિક ખેતી કરે છે. શ્રી દિપેનભાઈ દેસાઈ ગાય આધારિત ખાતરનો મહત્વ સમજાવતા જણાવ્યુ કે, ખેતરમાં જે પણ સારૂ ઉત્પાદન થાય છે. એમાં અમારી ઘણી જ મહેનત છે. જે અમને આજે પશુપાલન ખેતીથી ફળી રહી છે. આ ઉત્પાદનમાં નથી કોઈ ખાતરવાળાને કે કોઈ દવાવાળાને બીલ ચુકવવાનુ રહેતું. ખાતરની અંદરથી જે પણ નફો થાય છે. તે અમારો પોતાનો છે. આટલા વર્ષની મહેનત પછી ખબર પડે છે કે, જો ખેડૂત પોતાના ઘરે ગાય રાખે અને એના આધારે ખેતી કરશે તો એમાંથી સારી એવી કમાણી કરી શકે છે. વધુમાં દેસાઈએ જણાવ્યું કે, જે ખેડૂતોને ગાય રાખવી ન હોય તેઓ મારી ગૌ શાળામાથી ગૌમૂત્ર, છાસ અને છાણ લઈ જઈને ખેડૂતો પોતાના ઘરે જીવામૃત બનાવી પોતાના ખેતરમાં ઉપયોગ કરી શકે છે. ગૌ-પાલકો માત્ર દૂધની જ ગણતરી કરતા હોય છે. પણ દૂધની સાથે ગૌમૂત્ર અને છાણનો પણ હિસાબમાં ગણતરી કરે તો ગૌ-પાલકને કોઈ દિવસ નુકશાન ન જાય. દિપેનભાઈને ગૌ-શાળામાંથી અંદાજીત ૩ થી ૪ લાખ આવક વર્ષે મળી રહે છે. ખેડૂતમિત્રોને ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરતા જણાવ્યું કે, પોતાના ખેતરને બચાવવા પ્રાકૃતિક ખેતી કરવી જરૂરી છે. માટે ખેતીની સાથે પશુપાલન એટલે કે બાપ-દાદા વડવાઓ જે ખેતી કરતા હતા એને ફરી પુનઃ અપનાવવી જોઈએ. તેમ અન્ય ખેડૂત પશુપાલકોને પ્રેરણા પુરી પાડે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# આમ આદમી પાર્ટીના સહ-પ્રભારી અને વરિષ્ઠ નેતા દુર્ગેશ પાઠકના ઘરે દરોડા

## સંજય સિંહે વડાપ્રધાન મોદીને ઘેર્યા, કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો ગંદો ખેલ ફરી શરૂ થયો છે : ગુજરાતમાં ભાજપ ડરી ગઈ છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

CBI એ આજે ગુજરાતમાં આમ આદમી પાર્ટીના સહ-પ્રભારી અને વરિષ્ઠ નેતા દુર્ગેશ પાઠકના ઘરે દરોડા પાડ્યા હતા. CBIએ દુર્ગેશ પાઠક વિરુદ્ધ FCRA ઉલ્લંઘનના કેસ હેઠળ આ કાર્યવાહી કરી છે. CBIએ દુર્ગેશ પાઠક વિરુદ્ધ વિદેશી ચલણની હેરાફેરીનો કેસ નોંધ્યો છે. CBI દ્વારા દુર્ગેશ પાઠકના ઘરની તપાસ કરવામાં આવી રહી છે. દુર્ગેશ પાઠકના ઘરે CBIના દરોડા અંગે આમ આદમી પાર્ટીના તમામ નેતાઓએ નારાજગી વ્યક્ત કરી છે. તાજેતરમાં AAPના રાજ્યસભા સાંસદ સંજય સિંહે આ દરોડોનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, ગુજરાતમાં ભાજપ ડરી ગઈ છે, તેથી પીએમ મોદીએ દુર્ગેશ પાઠકને ધમકાવવા માટે તેમના ઘરે CBI મોકલી છે. સંજય સિંહે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં તેમણે ભારતીય જનતા પાર્ટી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો ગંદો ખેલ ફરી શરૂ થયો છે. આ અગાઉ પણ ભાજપે આમ આદમી પાર્ટીને નષ્ટ કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે. આ લોકોએ આપના સૌથી મોટા નેતાઓને પણ જેલમાં ધકેલી




દીધા હતા. આ લોકોએ દિલ્હી અને પંજાબમાં AAP ધારાસભ્યો અને સાંસદોના ઘરો પર દરોડા પાડ્યા હતા. પરંતુ દરેક પરિસ્થિતિમાં, AAP એ ભાજપ સામે મજબૂત લડત આપી છે અને આગળ પણ લડતી રહેશે. સંજય સિંહે કહ્યું કે, આજે ફરી ભાજપે ગંદુ અને ઘૃણાસ્પદ કૃત્ય કર્યું છે. PAC સભ્ય અને ગુજરાતના સહ-ઈન્ચાર્જ દુર્ગેશ પાઠકને તેમના ઘરે ધમકાવવા માટે મોદીજીએ CBI મોકલ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે, ગુજરાતમાં ભાજપ ડરી ગઈ છે. આમ આદમી પાર્ટી પાસે ૪ ધારાસભ્યો છે. ગત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને ૧૪ ટકા મત મળ્યા હતા. દુર્ગેશ પાઠકની કાર્યક્ષમતાના ડરથી ગુજરાતમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાતમાં ભાજપની હાલત ખરાબ છે, અહીંના લોકો ભાજપના સાંસદથી અસંતુષ્ટ છે. ગુજરાતના લોકોની આશા એક નવા પક્ષ તરફ વળી રહી છે, જે ગુજરાતમાં પરિવર્તન લાવી શકે છે. ભાજપનું આ પગલું હારની હતાશાનું પરિણામ છે. પીએમ મોદીને લાગે છે કે, ગુજરાતમાં ભાજપ હારી જશે, તેથી જ દુર્ગેશ પાઠકને ધમકી આપવા માટે તેમના ઘરે CBI મોકલવામાં આવી છે. આ સાથે તેમણે કહ્યું કે, ભાજપ ગમે તેટલા કેસ દાખલ કરી શકે છે; આમ આદમી પાર્ટી ન તો ભાજપથી ડરે છે અને ન તો ઝૂકે છે.

### ન્યૂઝ બ્રિફ

### રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)એ ઉબેર મોટો વિરુદ્ધ દિલ્હી હાઇકોર્ટમાં કેસ દાખલ કર્યો




| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)એ ઉબેર મોટો વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો છે. આરસીબીએ આરોપ લગાવ્યો છે કે ઉબરે તેની યુટ્યુબ જાહેરાતમાં તેના ટ્રેડમાર્કનો અપમાન કર્યું છે, જેમાં ક્રિકેટર ટ્રેવિસ હેડ છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ટ્રેવિસ હેડ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) તરફથી રમે છે. દિલ્હી હાઈકોર્ટે વચગાળાના મનાઈ હુકમની માંગણી કરતી આરસીબીની અરજી પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો છે. Uber MOo એડ Baddies in Bengaluru ft. Travis Head સામે દાવો દાખલ કરવામાં આવ્યો હતો. જાહેરાતમાં વપરાયેલ Royally Challenged બેંગલુરુ શબ્દ પર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. આરસીબીએ દલીલ કરી છે કે ઉબેર મોટો સનરાઈઝર્સ હૈદરાબાદનું કોમર્શિયલ સ્પોન્સર હોવાને કારણે આરસીબીના ટ્રેડમાર્ક અથવા ભ્રામક સમાન સંસ્કરણનો ઉપયોગ કરી શકતું નથી. દાવાને વ્યર્થ ગણાવતા ઉબેરના વકીલોએ મનાઈ હુકમ સામે દલીલ કરી, કહ્યું કે જાહેરાત કોમર્શિયલ મુક્ત ભાષણ હેઠળ આવે છે અને તેને મનાઈ હુકમ આપી શકાય તેમ નથી.

### BCCIએ તમામ ટીમ અને ખેલાડીઓને આપી ચેતવણી



| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ IPL ૨૦૨૫ની તમામ ૧૦ ટીમોને ચેતવણી આપી છે. BCCIએ આપેલી ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે, હૈદરાબાદનો એક બિઝનેસમેન ગેરકાયદેસર કામ કરાવવા માટે લોકોનો સંપર્ક કરી રહ્યો હતો. એક મીડિયા રિપોર્ટ અનુસાર BCCI એ તમામ ક્રિકેટરો, કોચ, કોમેન્ટેટર્સ અને સપોર્ટ સ્ટાફને આ બિઝનેસમેનથી સાવધાન રહેવા કહ્યું છે. એવું કહેવાય છે કે, આ ઉદ્યોગપતિ ઘણા બુકીઓના સંપર્કમાં છે. આ વ્યક્તિ ટુર્નામેન્ટમાં લોકોને મોંઘી-મોંઘી ભેટ આપીને પોતાની વાત મનાવે છે. ક્રિકબજના એક રિપોર્ટ અનુસાર આ બિઝનેસમેન સામાન્ય રીતે પહેલા ટીમના માલિકો, ખેલાડીઓ, કોચ, સપોર્ટ સ્ટાફ અને ત્યાં સુધી કે કોમેન્ટેટર્સના પરિવારના સભ્યો સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કરે છે. એન્ટી-કરપ્શન યુનિટનું માનવું છે કે, આ વ્યક્તિ અગાઉ પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ રહ્યો છે.

### આ નિર્ણયનો ભાજપ દ્વારા ઉગ્ર વિરોધ કરાયો છે

# મુસ્લિમ ક્વોટા બિલ કર્ણાટકના રાજ્યપાલે રાષ્ટ્રપતિને મોકલ્યું

| (એજન્સી) બેંગલુરુ, તા.૧૭ |

કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે સરકારી કોન્ટ્રાક્ટમાં મુસ્લિમોને ચાર ટકા અનામતની જોગવાઈ કરતાં બિલને રાષ્ટ્રપતિની મંજૂરી માટે અનામત રાખ્યું છે.

રાજભવનના સૂત્રોના જણાવ્યા મુજબ ગેહલોતે બિલને રાષ્ટ્રપતિની મંજૂરી માટે અનામત રાખ્યું અને તેને કર્ણાટક કાયદા અને સંસદીય બાબતો વિભાગને મોકલ્યું છે.હવે રાજ્ય સરકાર બિલને મંજૂરી મેળવવા માટે રાષ્ટ્રપતિને ફાઈલ મોકલશે. રાજ્ય સરકારને લખેલા પત્રમાં ગેહલોતે કહ્યું હતું કે ભારતનું બંધારણ ધર્મના



આધારે અનામતની મંજૂરી આપતું નથી. ગવર્નર દ્વારા આ બિલને એવા સમયે રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવ્યું છે, જ્યારે ગવર્નરના વીટો પાવર અંગે સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણય બાદ ચર્ચા છેડાઈ છે. ગયા મહિને, સિદ્ધારમૈયા સરકારે કર્ણાટક ટ્રાન્સપરન્સી ઈન પબ્લિક પ્રોક્યોરમેન્ટ્સ એક્ટમાં સુધારાને મંજૂરી આપી હતી. આ પછી તેને કર્ણાટક વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યું. આ બિલની જોગવાઈઓ હેઠળ, મુસ્લિમોને રૂ.૨ કરોડ સુધીના કામોમાં અને રૂ. ૧ કરોડ સુધીના માલ/સેવાઓ સંબંધિત કામોમાં ચાર ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિના લોકો માટે ૧૭.૫ ટકા, અનુસૂચિત જનજાતિના લોકો માટે ૬.૯૫ ટકા, ઓબીસીની કેટેગરી-૧ માટે ૪ ટકા, કેટેગરી-૨-બી (મુસ્લિમ) માટે ૪ ટકા અનામત આપવામાં આવી છે. આ નિર્ણયનો ભાજપ દ્વારા ઉગ્ર વિરોધ કરાયો છે.

### ટૂંક સમયમાં રાજકારણમાં જોડાઈશઃ વાડ્રા

# EDએ સતત બીજા દિવસે રોબર્ટ વાડ્રાની પાંચ કલાક પૂછપરછ કરી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના ઉદ્યોગપતિ સાળા રોબર્ટ વાડ્રાની ૨૦૦૮ના હરિયાણા જમીન સોદા સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં બુધવારે સતત બીજા દિવસે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા લગભગ પાંચ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. ૫૬ વર્ષીય ઉદ્યોગપતિ વાડ્રાએ EDની કાર્યવાહીને રાજકીય બદલો ગણાવાની સાથે દાવો કર્યો હતો કે દેશના લોકોને તપાસ એજન્સીઓ પર વિશ્વાસ નથી. વાડ્રા સામેની તપાસ હરિયાણાના માનેસર-શિકોહપુર (હવે સેક્ટર



૮૩) ગુરુગ્રામમાં જમીન સોદા સાથે જોડાયેલી છે. ફેબ્રુઆરી ૨૦૦૮નો સોદો સ્કાયલાઈટ હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની દ્વારા કરવામાં આવ્યો હતો, જ્યાં વાડ્રા પહેલા ડિરેક્ટર હતા. તેમણે ઓંકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી શિકોહપુરમાં ૩.૫ એકર જમીન ૭.૫ કરોડ રૂપિયામાં ખરીદી હતી.EDની પૂછપરછ બાદ વાડ્રાએ દાવો કર્યો હતો કે, તપાસ એજન્સીઓ તેમને ટાર્ગેટ કરી રહી છે, કારણ કે તેઓ ગાંધી પરિવારનો હિસ્સો છે. જો તેઓ ભાજપનો ભાગ હોત તો પરિસ્થિતિ અલગ હોત. વાડ્રાએ ઉમેર્યું હતું કે, હું લોકોનો અવાજ બની ગયો છું. લોકો મારી સાથે છે, હું તેમની સેવા કરું છું. લોકો મને રાજકારણમાં જોવા માંગશે. જેથી ટૂંક સમયમાં રાજકારણમાં જોડાઈશ.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) મની લોન્ડરિંગના ત્રણ અલગ-અલગ કેસોમાં રોબર્ટ વાડરા સામે ચાર્જશીટ્સ ફાઈલ કરે તેવી શક્યતા છે. ઈડીએ હરિયાણામાં ૨૦૦૮માં થયેલાં જમીનના સોદાના કેસમાં



નવી દિલ્હીમાં દાઉદી બોહરા સમુદાયના પ્રતિનિધિમંડળ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુલાકાત કરી.

### દિગ્વિજય સિંહની કબૂલાત કે જીભલપસી?

# દંગા-ફસાદ કરવાને કે લિયે હમને બહુત મહેનત કીઃ દિગ્વિજય સિંહ

| (એજન્સી) ભોપાલ, તા.૧૭ |

કોંગ્રેસ નેતા અને મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન દિગ્વિજયસિંહનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં તેમને એમ કહેતા સ્પષ્ટ સાંભળી શકાય છે કે "બાબરી મસ્જિદ શહીદ થયા પછી અમે હિન્દુ-મુસ્લિમ વચ્ચે તોફાનો કરાવવા બહુ મહેનત કરી હતી". હકીકતે ભાજપ પર પ્રહાર કરતી વખતે દિગ્વિજય સિંહની જીભ લપસી ગઈ. તેમણે કહ્યું કે અમે રમખાણો કરાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો. હવે એવો બચાવ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે, દિગ્વિજયસિંહ તો એવું કહેવા માગતા હતા કે અમે રમખાણો રોકવાનો બહુ પ્રયાસ કર્યો હતો. દિગ્વિજયસિંહના આ નિવેદનને ભાજપ દ્વારા કોંગ્રેસની કબૂલાત તરીકે પ્રચારિત કરવામાં આવી રહી છે. આ અંગે ભાજપના નેતાઓએ મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાનને બરાબર ઘેરી લીધા છે. રાજ્યના રમતગમત અને યુવા કલ્યાણ વિભાગના મંત્રી અને ભાજપ નેતા વિશ્વાસ સારંગે કહ્યું કે દિગ્વિજય સિંહનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

### વ્હાઈટ હાઉસે ૧૧૧ વર્ષ જૂની પરંપરા બદલી

# હવે ડોનાલ્ડ ટ્રમ્પની 'પસંદગીના' પત્રકાર જ પૂછી શકશે સવાલ!

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ |

વ્હાઈટ હાઉસે તેની મીડિયા પોલિસી બદલી નાખી છે. નવી નીતિ હેઠળ રોઈટર્સ, બ્લૂમબર્ગ અને એસોસિએટેડ પ્રેસ જેવી આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સીઓને વ્હાઈટ હાઉસ પ્રેસ પૂલમાંથી હવેથી બાકાત રાખવામાં આવી છે. આ સમાચાર એજન્સીઓને હવે પ્રેસ પૂલમાં કાયમી સ્થાન નહીં મળે. વ્હાઈટ હાઉસ પ્રેસ પૂલ લગભગ ૧૦ મીડિયા સંગઠનોનું જૂથ છે. તેમાં પત્રકારો અને ફોટોગ્રાફરોનો પણ સમાવેશ થાય છે. આ લોકો અમેરિકન પ્રમુખની દરેક નાની-મોટી પ્રવૃત્તિને કવર કરે છે. અન્ય મીડિયા સંસ્થાઓ પ્રમુખ સંબંધિત કવરેજ માટે પ્રેસ પૂલમાં સમાવિષ્ટ મીડિયા સંસ્થાઓ પર આધાર રાખે છે.જોકે હવે નીતિમાં ફેરફાર પછી આંતરરાષ્ટ્રીય મીડિયા સંગઠનો માટે અમેરિકન પ્રમુખ સુધી પહોંચવું ખૂબ મુશ્કેલ બનશે. વ્હાઈટ હાઉસના આ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, આંતરરાષ્ટ્રીય મીડિયા સંગઠનોએ તેને પ્રેસ કવરેજને નિયંત્રિત કરવાનો પ્રયાસ ગણાવ્યો, જે સ્વતંત્ર પત્રકારત્વ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને અસર કરી શકે છે.

# સુપર સંસદની જેમ કામ કરી રહ્યા છે જજ, રાષ્ટ્રપતિને આદેશ ન આપી શકે

| નવી દિલ્હી, તા.૧૭ |

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે તાજેતરમાં સુપ્રીમ કોર્ટના આદેશની આકરી ટીકા કરી છે. જેમાં સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને રાજ્યપાલ દ્વારા વિચારણા માટે મોકલવામાં આવેલા બિલો પર સમયમર્યાદામાં કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ અંગે ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતમાં ક્યારેય આવુ લોકતંત્ર નથી જોયું, જેમાં જજ પોતે કાયદાના ઘડવૈયા, કાર્યપાલક અને "સુપર પાર્લામેન્ટ" તરીકે કામ કરે છે. રાજ્યસભાના ઈન્ટર્નનાં ગ્રૂપને સંબોધિત કરતાં ધનખડે જણાવ્યું કે, 'તાજેતરના નિર્ણયમાં રાષ્ટ્રપતિને નિર્દેશ આપવામાં



આવ્યો છે. આપણે ક્યાં જઈ રહ્યા છીએ? દેશમાં શું થઈ રહ્યું છે? બંધારણીય મર્યાદાઓના ઉલ્લંઘન અંગે ચિંતા વ્યક્ત કરતાં ઉપરાષ્ટ્રપતિએ ઉપસ્થિત તમામ લોકોને રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા શપથની યાદ અપાવી હતી. અને ભાર મૂક્યો હતો કે રાષ્ટ્રપતિનું પદ સર્વોચ્ચ છે, તે સર્વોપરી છે જ્યારે અન્ય લોકો ફક્ત બંધારણનું પાલન કરવા માટે શપથ લે છે.' ધનખડે બંધારણીય જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'આપણે એવી પરિસ્થિતિનું નિર્માણ ન કરીએ, જ્યાં તમે ભારતના રાષ્ટ્રપતિને નિર્દેશ આપો અને એમાં કોઈ આધાર પણ ન હોય. આવા કિસ્સાઓમાં સુપ્રીમ કોર્ટ પાસે એકમાત્ર સત્તા "કલમ ૧૪૫ (૩) હેઠળ બંધારણનું અર્થઘટન કરવાની" છે અને તે પણ પાંચ કે તેથી વધુ ન્યાયાધીશોની બેન્ચ દ્વારા થવુ જોઈએ. સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવતાં બિલની મંજૂરી માટે સમય મર્યાદામાં કામ કરવાનો આદેશ આપતાં ધનખડ રોષે ભરાયા હતાં. તેમણે ટીકા કરતાં કહ્યું કે, આપણી પાસે એવા જજ છે, જે કાયદો બનાવશે, કાર્યપાલિકાની જેમ કામ કરશે, સુપર સંસદની જેમ કામ કરશે. અને તેમની કોઈ જવાબદારી નહીં રહે, કારણકે, દેશનો કાયદો તેમના પર લાગુ થશે નહીં. જસ્ટિસ યશવંત વર્માના ઘરેથી મળી આવેલી રોકડનો મુદ્દો ઉઠાવતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે નવી દિલ્હીમાં એક જજના ઘરેથી બેનામી રોકડ મળી આવી, સાત દિવસ સુધી કોઈને તેની ખબર ન પડી. કેસમાં કોઈ ખાસ કાર્યવાહી હાથ ધરાઈ નથી. શું આ વિલંબ સમજી શકાય? શું આ માફી માની લઈએ? શું આનાથી કેટલાક મૂળભૂત પ્રશ્નો ઉભા થતા નથી?

### જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલનું મોટું નિવેદન

# વક્ફ કાયદામાં કોઈ ખામી હશે તો હું રાજીનામું આપી દઈશ

### જગદંબિકા પાલે જણાવ્યું કે, જેપીસીએ આ મુદ્દે ૩૮ બેઠકો કરી હતીઃ તમામ સવાલો પાયાવિહોણા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

વક્ફ કાયદામાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સંશોધનો વિરૂદ્ધ કરવામાં આવેલી ફરિયાદો પર સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટે પોતે વક્ફ કાયદામાં કેટલીક ખામીઓ હોવાનું કહી સ્પષ્ટતા માગી છે. જેના પર આ કાયદાનું નિર્માણ કરનારી જેપીસી (જોઈન્ટ પાર્લામેન્ટ કમિટી)ના અધ્યક્ષ જગદંબિકા પાલે દાવો કર્યો છે કે, જો કાયદામાં એક પણ ખામી નીકળી, તો હું મારા સાંસદ પદ પરથી રાજીનામું આપી દઈશ. સુપ્રીમ કોર્ટે સળંગ બે દિવસ સુધી આ મામલે સુનાવણી હાથ ધરી હતી. જેમાં ઘણા આપત્તિજનક નિયમો ઘડાયા હોવાનું જણાવી કેન્દ્ર સરકાર પાસે સ્પષ્ટતા મગાવી છે. કેન્દ્ર સરકારે સાત દિવસની અંદર અમુક સળગતા સવાલોનો જવાબ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવાનો રહેશે. જગદંબિકા પાલે જણાવ્યું કે, જેપીસીએ આ મુદ્દે ૩૮ બેઠકો કરી હતી. તમામ સવાલો પાયાવિહોણા છે. અમુક રાજકીય પક્ષો પોતાના લાભ માટે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. કાયદો અનેક વિચાર-વિમર્શ અને મનોમંથન બાદ ઘડવામાં આવ્યો છે. જો કાયદામાં એક પણ ખામી નીકળી તો હું મારા સાંસદ પદ પરથી રાજીનામું આપી દઈશ. સુપ્રીમ કોર્ટે વક્ફ કાયદામાં સમાવિષ્ટ ત્રણ નિયમો પર વાંધો ઉઠાવ્યો હતો. તેમજ તે મામલે સ્પષ્ટતા આપવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે. આ સુધારા હેઠળ હિન્દુ વ્યક્તિને વક્ફ બોર્ડમાં સામેલ કરવાની જોગવાઈ છે. જેમાં સુપ્રીમે પૂછ્યું કે, તો શું સરકાર હિન્દુ બોર્ડમાં પણ મુસ્લિમ સમુદાયને સામેલ કરવા તૈયાર છે. બીજો વક્ફ બાય યુઝર પ્રોપર્ટીને ડિ-નોટિફાઈ કરવા પર સવાલ ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી કે, વક્ફ બાય યુઝર પ્રોપર્ટીને ડિ-નોટિફાઈ કરવામાં આવી તો દેશમાં ગંભીર માહોલ સર્જાશે. તેના પરિણામો ખૂબ ખરાબ આવી શકે છે. જગદંબિકા પાલે જણાવ્યું હતું કે, બિન-મુસ્લિમોને વક્ફ બોર્ડમાં સામેલ કરવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટના ચુકાદાના આધારે જ લેવામાં આવ્યો હતો. ૨૦૧૦માં સુપ્રીમ કોર્ટ અનુસાર, વક્ફ બોર્ડ એક કાયદાકીય સંસ્થા છે, તે ધાર્મિક સંસ્થા નથી. તે વક્ફ પ્રોપર્ટીની દેખરેખ અને જાળવણી કરતી સંસ્થા છે. આ સિવાય અગાઉ પણ સુપ્રીમ કોર્ટે અનેક વખત વિવિધ કેસોમાં કહ્યું છે કે, વક્ફ બોર્ડ એ કાયદાકીય સંસ્થા છે. ધાર્મિક નહીં. જેથી તેમાં વિશ્લેષણના લોકો સહિત અન્ય નિષ્ણાતો સામેલ થઈ શકે છે. નોંધનીય છે, વિવિધ મુસ્લિમ સંગઠનો અને વિપક્ષો દ્વારા વક્ફ કાયદા ૨૦૨૫નો વિરોધ થઈ રહ્યો છે. આ કાયદો મુસ્લિમોની ઓળખને નષ્ટ કરનારો હોવાનો દાવો કર્યો છે. જ્યારે સરકારે તેને મુસ્લિમોની હિતમાં ગણાવ્યો છે.

## તંત્રી લેખ...

# ટેરિફ વોરમાં ચીને અમેરિકાની નસ પકડી

ચીન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ટેરિફ વોરમાં એક નવો વળાંક સામે આવ્યો છે. અમેરિકાએ ચીની સામાન પર ૧૪૫% ટેરિફ લાદવાનો નિર્ણય લીધો હતો. જેના વળતા જવાબમાં ચીને અતિ દુર્લભ ગણાતા ખનિજ રેર અર્થ મિનરલ્સ (REM)ની અમેરીકામાં નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. આ ખનિજો અમેરિકાની રક્ષા પ્રણાલીઓ, ટેક્નોલોજી અને ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ચીનના આ પગલાથી બંને દેશો વચ્ચેનું ટેરિફ વોર વધુ તીવ્ર બન્યું છે, કારણ કે ચીને પણ અમેરિકી ઉત્પાદનો પર ૧૨૫% ટેરિફ લગાવ્યો છે. રેર અર્થ મિનરલ્સ (REM)ને દુર્લભ ખનિજ(REE-રેર અર્થ એલિમેન્ટ્સ) પણ કહેવામાં આવે છે. જે સામાન્ય રીતે પૃથ્વીની સપાટીમાં મળી આવતા ૧૭ રાસાયણિક રીતે સમાન તત્વોનું એક જૂથ છે. આ તત્વોમાં સ્કેન્ડિયમ, યટ્રિયમ, લેન્થેનમ, સેરિયમ, પ્રેઝોડાયમિયમ, નિયોડાયમિયમ, પ્રોમેથિયમ, સેમેરિયમ, યુરોપિયમ, ગેડોલિનિયમ, ટર્બિયમ, ડિસ્પ્રોસિયમ, હોલ્મિયમ, એર્બિયમ, થુલિયમ, યટર્બિયમ અને લ્યુટેશિયમનો સમાવેશ થાય છે. આ ખનિજ અન્ય તત્વો સાથે મિશ્રિત હોવાથી તેને અલગ કરવા અને ઉપયોગ લાયક બનાવવા માટે ખૂબ જટિલ પ્રક્રિયા કરવી પડે છે અને તે પ્રક્રિયામાં ખૂબ સમય લાગે છે. રેર અર્થ મિનરલ્સનો ઉપયોગ વિવિધ ઉદ્યોગોમાં થાય છે. આ ખનિજો સ્માર્ટફોન, લશ્કરી સાધનો (જેમ કે F-૩૫ જેટ, મિસાઈલો, ડ્રોન), ઈલેક્ટ્રિક વાહનો, પવન ટર્બાઈન, વિમાનના એન્જિન, તબીબી સાધનો, તેલ શુદ્ધિકરણ અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોમાં વપરાય છે. ઉદાહરણ તરીકે...૧૭ તત્વોમાંનું એક તત્વ લેન્થેનમનો ઉપયોગ કેમેરા લેન્સ અને લાઈટિંગમાં થાય છે. જ્યારે સેરિયમ તત્વ કારના એન્જિનમાં હાનિકારક ઉત્સર્જન ઘટાડવા માટે કેટેલિટીક કન્વર્ટરમાં વપરાય છે, તથા નિયોડાયમિયમ અને પ્રેઝોડાયમિયમ જેવા તત્વો ઈલેક્ટ્રિક વાહનોની મોટર્સ અને પવન ટર્બાઈનમાં વપરાતા સ્થાયી ચુંબક બનાવવા માટે મહત્વપૂર્ણ છે.

## આરોગ્ય-પરિવાર કલ્યાણ રાજ્યમંત્રીએ FSSAI ના ટકાઉ પેકેજિંગ પર રાષ્ટ્રીય હિસ્સેદાર પરામર્શનું ઉદ્ઘાટન કર્યું



કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી પ્રતાપરાવ ગણપતરાવ જાધવે ૧૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ મુંબઈ ખાતે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા આયોજિત "સસ્ટેનેબલ પેકેજિંગ ફોર ફૂડ બિઝનેસ: ઈમર્જિંગ ગ્લોબલ ટ્રેન્ડ્સ એન્ડ રેગ્યુલેટરી ફ્રેમવર્ક" પર રાષ્ટ્રીય હિસ્સેદાર પરામર્શનું ઉદ્ઘાટન કર્યું. જાધવે પોતાના સંબોધનમાં ખાદ્ય પદાર્થોના ટકાઉ પેકેજિંગના વધતા મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે જાહેરાત કરી કે પેકેજિંગમાં RPETના ઉપયોગ માટેની માર્ગદર્શિકા FSSAI દ્વારા તમામ હિસ્સેદારો સાથે વ્યાપક પરામર્શ પછી અને શ્રેષ્ઠ વૈશ્વિક પ્રથાઓ અનુસાર તૈયાર કરવામાં આવી છે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે ખાદ્ય ઉત્પાદનોની સરળ ઓળખ અને ગ્રાહકોને લાભ મળે તે માટે એક લોગો વિકસાવવામાં આવ્યો છે. સભાને સંબોધતા શ્રી જાધવે જણાવ્યું હતું કે "પેકેજિંગની ટકાઉ પદ્ધતિઓ તરફ વળવું એ સમયની જરૂરિયાત છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્લાસ્ટિકનો ઉપયોગ વૈશ્વિક સ્તરે વધતી જતી ચિંતાનો વિષય છે, કારણ કે તે વર્ષો સુધી પર્યાવરણમાં અવિઘટિત રહે છે અને તેના હાનિકારક પરિણામો આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "આજે આપણને જે વિકલ્પોની જરૂર છે તે ટકાઉ, રિસાયકલ અને બાયોડિગ્રેડેબલ છે." ભારતની પ્રાચીન પરંપરાગત પદ્ધતિઓની પ્રશંસા કરતા શ્રી જાધવે ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે પ્રાચીન ઈકોલોજીકલ પદ્ધતિઓને આધુનિક તકનીકો સાથે જોડવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે "ભારતમાં આ દિશામાં વિશ્વનું નેતૃત્વ કરવાની ક્ષમતા છે." તેમણે દેશના સ્વાસ્થ્ય અને સુખાકારીને અસર કરતા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે રાષ્ટ્રીય હિસ્સેદારો પરામર્શના રૂપમાં એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડવા બદલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને FSSAIના પ્રયાસોની પણ પ્રશંસા કરી. રાજ્ય મંત્રીએ હિસ્સેદારો સાથે એક અનૌપચારિક ખુલ્લું પરામર્શ સત્ર પણ યોજ્યું, જેમાં તેમને તેમના પડકારો શેર કરવાની અને સુધારા અને વૃદ્ધિ માટેના ભવિષ્યના માર્ગો પર ચર્ચા કરવાની તક મળી. આ પરામર્શમાં ભારતમાં ટકાઉ ખાદ્ય પેકેજિંગના ભવિષ્ય પર ચર્ચા કરવા માટે ખાદ્ય વ્યવસાયો, પેકેજિંગ ઉદ્યોગો, રિસાયક્લિંગ સંગઠનો, નિયમનકારી સંસ્થાઓ, પર્યાવરણીય સંસ્થાઓ, ગ્રાહક જૂથો, ખેડૂત જૂથો, સરકારી વિભાગોનું પ્રતિનિધિત્વ કરતા ૧૫૦૦થી વધુ હિસ્સેદારોને એકઠા કરવામાં આવ્યા હતા. આ પરામર્શ રાષ્ટ્રીય સ્તરના હિસ્સેદારોની ચર્ચાઓની ચાલુ શ્રેણીનો એક ભાગ હતો જેનો ઉદ્દેશ્ય બહુ-હિસ્સેદારોની ભાગીદારીની જરૂર હોય તેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર નિર્ણાયક ચર્ચાઓ કરવાનો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેજા હેઠળ, FSSAI એ ખાદ્ય સલામતી નિયમોના નિર્માણમાં વધુ સમાવેશીતા, પારદર્શિતા અને પુરાવા-આધારિત નીતિનિર્માણને પ્રોત્સાહન આપવા માટે આવા રાષ્ટ્રીય હિસ્સેદારોની પરામર્શ યોજવા માટે આ મહત્વપૂર્ણ પહેલ શરૂ કરી છે. ઉદ્યોગ, શિક્ષણવિદો, ગ્રાહક જૂથો, ખેડૂત જૂથો અને નિયમનકારી સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાઈને FSSAI તેના નિયમનકારી માળખામાં ક્ષેત્ર-વિશિષ્ટ દ્રષ્ટિકોણ અને જમીન-સ્તરની આંતરદષ્ટિનો સમાવેશ કરવાનો પ્રયાસ કરે છે, ખાતરી કરે છે કે નીતિઓ વ્યવહારુ અને જાહેર આરોગ્ય પ્રાથમિકતાઓ સાથે સુસંગત છે. આ પરામર્શમાં એક ટેકનિકલ સત્રનો સમાવેશ થતો હતો જેમાં FSSAIના પેકેજિંગ પરના વૈજ્ઞાનિક પેનલના અધ્યક્ષે વિગતવાર વૈજ્ઞાનિક આધાર, જોખમ મૂલ્યાંકન સિદ્ધાંતો, મજબૂત વૈજ્ઞાનિક ધોરણો ઘડતી વખતે FSSAI દ્વારા ઉપયોગમાં લેવાતા પારદર્શક સલાહકાર અભિગમ પર રજૂઆત કરી હતી. BISના પ્રતિનિધિઓએ ખાદ્ય પેકેજિંગ પરના વૈશ્વિક અને ભારતીય ધોરણો અને પેકેજિંગ સામગ્રી માટેના હાલના IS ધોરણોની ઝાંખી વિશે વાત કરી.

**સત્યની બાબતે પણ માનવી હંમેશા દલીલો કરતો દેખાય છે, કોઈ વાણીના સત્યને મહત્વ આપે છે, કોઈ વિચારનાં સત્યમાં પ્રવૃત્ત રહે**

# જગતગુરુ શંકરાચાર્યના" એકાંતે સુખમાસ્યતામ " સૂત્રમાં એકાંત એ સુખની ચાવી છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભગવાન જગતગુરુ શંકરાચાર્યનાં કહેવા અનુસાર એકાંત એ એક માત્ર સુખ આપવાની ચાવી છે, એવો આ સૂત્રનો સીધોસાદો અર્થ થાય, અથવા તો એકાંતમાં જ સુખ સમાયું છે, કે પછી એકાંત સુખ તરફની ગતિ કરાવનારું છે, તો પહેલા તો એકાંત શબ્દનો આપણે શું અર્થ કરીશું, અને બીજું એકાંતમાં આપણે એવું શું શીખવાનું છે, કે જે આપણને પરમ વિશ્રામ તરફ લઈ જાય.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણે ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્યના સાધન પંચકર્મ વિશે વાત કરી રહ્યાં છીએ, અને ચાર સૂત્ર વિશે બને એટલી સરળતાથી સદગુરૂએ પ્રકાશ પાડ્યો. જગતગુરુ એ તો પાંચે પાંચ સૂત્ર અનુસાર જીવન જીવવાનું કહ્યું, અને અનન્ય એવા પરમાત્માનાં દર્શન કે ઈશ્વર સાક્ષાત્કાર સુધી આ રીતે પહોંચી શકાય છે, એમ કહ્યું છે. પરંતુ દેશકાળ પ્રમાણે કેટલા બધા પરિવર્તનો આવી ગયા છે, માટે કોઈપણ એક સાધન સૂત્રને પકડી એ તો પણ એ જીવનને સત્યમ શિવમ સુન્દરમ તરફ લઈ જનાર છે, જે આપણી મૂળ સંસ્કૃતિ છે. જીવનમાં સત્ય એટલે નીતિ, વિચારમાં શિવમ્ એટલે કે કલ્યાણની ભાવના આવે, તો જ જીવન સુંદર થાય, એવી એક આપણી મૂળ ભારતીય સંસ્કૃતિ રહી છે. આજે આપણે પાંચમાં અને અંતિમ સૂત્ર "એકાંતે સુખમાસ્યતામ" પર ચિંતનમાં વાત કરીશું.

ભગવાન જગતગુરુ શંકરાચાર્યનાં કહેવા અનુસાર એકાંત એ એક માત્ર સુખ આપવાની ચાવી છે, એવો આ સૂત્રનો સીધોસાદો અર્થ થાય, અથવા તો એકાંતમાં જ સુખ સમાયું છે, કે પછી એકાંત સુખ તરફની ગતિ કરાવનારું છે. તો પહેલા તો એકાંત શબ્દનો આપણે શું અર્થ કરીશું, અને બીજું એકાંતમાં આપણે એવું શું શીખવાનું છે, કે જે આપણને પરમ વિશ્રામ તરફ લઈ જાય. શરૂ શરૂમાં એકાંતમાં મન ખૂબ જ ઉપદ્રવ શરૂ કરશે, અને ત્યારે જ આપણી માનવીય મનની ગુણવત્તા નક્કી થશે. જ્યાં સતત પોતાની માટે જ જીવાયુ હોય ત્યારે, હવે કયો ભોગ બાકી છે,? અન્ય પર કેમ પ્રભાવ પાડવો? શું નવું ખરીદવું? કે પછી ફલાણી વ્યક્તિને મારા કરતાં વધુ કેમ મળે છે? મનને શાંત કેમ કરવું? આવા બધા વિચારો માંથી બહાર કેમ લાવવું? એની માટેના સૌથી ઉત્તમ પ્રયોગ તરીકે ઈષ્ટદેવનું બોલીને સ્મરણ કરવું, કે પછી અન્ય કોઈ મંત્રમાં શ્રદ્ધા હોય એનો જાપ કરવો. શરુઆત બોલીને કરવી, પછી જેમ મન શાંત થાય એમ વાણી શાંત કરવી.

એકલતા અને એકાંતમાં બહુ ફેર છે, એટલે એને સમજવું બહુ જરૂરી છે. ઘણાં એવો પણ તર્ક કરે, શું કામ એકાંતમાં રહેવું? અથવા એકાંતમાં એવું શું પ્રાપ્ત થાય છે? જે આપણને સુખ તરફ દોરી જાય. એકાંતમાં માનવી પોતાના આત્માની એકદમ નજીક આવે છે, અને તેની વાણી તે સાંભળી શકે છે. મન બુદ્ધિ ચિત્ત અહંકારના અંતઃકોણ ચતુષ્કોણના સંતુલિત છે, કે નહીં એ વિશે પણ તે અહીં જ વિચારી શકે છે. જીવનના સત્યોને સ્વીકારતા શીખવે છે. આપણાં વૈદિક ગ્રંથોનું અધ્યયન કરીએ, અને એનાં ભાવાર્થને સમજીએ. શાસ્ત્રાર્થ તો આપણે કલાક-કલાક કરી શકીએ, કે ઈશ્વર એક જ છે, જન્મ છે તેનું મૃત્યુ એ સનાતન સત્ય છે, કર્તા બની કરવું નહીં, મારું મારું




કરીને મેળવેલું અહીંથી કંઈ જ લઈ જઈ શકાતું નથી, તેમજ પરમ ચૈતન્ય પ્રકૃતિનાં કણકણમાં સમાહિત છે. હવે આપણે સૌ જાણીએ છીએ, કે આ બધું જ જ્ઞાન આપણી પાસે છે, છતાં આપણે આ મમત છોડી શકતા નથી. મૃત્યુને સાહજિક રીતે સ્વીકારી શકાતું નથી, એનું એકમાત્ર કારણ ભોગ પ્રત્યેની વધુ પડતી રુચિ, સંબંધોના માયાજાળમાં વધુ પડતો મોહ, અને રૂપિયા પૈસા જે ભેગા કર્યા છે, એ અહીં જ મૂકીને જવું પડશે, આ બધું જાણવા છતાં આપણે આને સ્વીકારી શકતાં નથી. એ સત્યને એકાંત સ્વીકારતા શીખવે છે, અને મનને સ્વના દાયરામાંથી બહાર કાઢી સર્વ સુધી લઈ જાય છે. સગુણ ઈશ્વર તરીકે એક ઈષ્ટને પસંદ કર્યા હોવા છતાં, ભારતીય સંસ્કૃતિનાં બધા જ દેવોને આદર અને વંદન કરવો, છતાં ઘણીવાર કંઈ ચૂક થઈ જાય તો માનસિક ડર રહે છે કે, આ દેવતા આપણું અહિત કરશે, એટલે કે ક્યાંક ને ક્યાંક ઈશ્વરને ભજવા પાછળ કોઈને કોઈ ભય રહેલો છે, આ ભયમાંથી એકાંત આપણને બહાર કાઢે છે, અને અભય પદ સુધી દોરી જઈ શકે છે. આપણા સનાતન સત્યને જીવ સહજતાથી સ્વીકારી શકે એવી કોઈ પાઠશાળાનું નામ હોય તો એ એકાંત છે, અને આ વાક્ય બહુ મોટાં બુદ્ધપુરુષ એવા સ્વામી શ્રી શરણાનંદજી મહારાજનું છે. એકાંતમાં જ આત્મચિંતન થઈ શકે, અને એકાંતમાં જ એમાં સુધારો લાવવા વિષે વિચારી શકાય, સુધાર લાવ્યા પછીના જીવનમાં જો થોડો આનંદ કે વિશ્રામનો ભાવ ભળે, તો આ ક્રિયા વારંવાર કરવાનું મન થાય, અને લોકમંગલ માટેનું કાર્ય કરવાથી પરમ વિશ્રામનો અનુભવ થાય. પોતાની માટે હવે જીવન જ રહ્યું નથી, માટે ત્યાં તેને ભોગની ઈચ્છા નથી,અહીં કોઈ કંઈ કરી શકતું નથી, બધું એ જ કરે છે એ સત્ય સ્વીકારાય, એટલે પદ-પ્રતિષ્ઠા કે અહમ પૃષ્ટિની ઈચ્છા નથી, મારું મારું એટલે નીજી સંબંધોના તાણાવાણા તૂટી ગયા છે, ને બધા જ મારા એવો ભાવ સ્થાપિત થઈ ગયો છે. તેમજ મૃત્યુ ગમે ત્યારે આવે, હવે મેં મારા જીવનમાં કંઈક વિશેશ કરી લીધું છે, એનો સંતોષ છે, એટલે એ રીતે પણ અભયતાનું પદ પ્રાપ્ત કરી શકાય, અથવા તો ઈશ્વરને નિરાકાર પરબ્રહ્મ તરીખે પ્રકૃતિના કણકણમાં તેમજ જગતમાં અનુભવાય, સ્થૂળ પૂજા બંધ થાય તો પણ એ આપણું અહિત કરશે એવો ભાવ મટી જાય છે, અને પરમ પ્રેમ તરફ જીવન ગતિ કરે છે જ્યાં માત્ર ને માત્ર પરમ વિશ્રામ છે.

અહી કોઈ એટલે કોઈ સર્વ ગુણ સંપન્ન નથી, અને થવાની જરૂર પણ નથી, જેમ વેપાર કરતી વખતે થોડાક નાણાં વેપારમાં રોકીએ, અને પછી ખૂબ કમાણી કરીએ છીએ, એમ એકાદ ગુણ પકડીને પણ આ પાંચ સૂત્ર માનું જે કોઈ સૂત્ર આપણને અનુકૂળ આવે, એ સૂત્રને પકડીને આપણે આપણા ગુણોનું સંવર્ધન કરવાનું છે. ખૂબી અને ખામી એ બંને સમાંતરે ચાલે છે માનવ જીવનની એક લાક્ષણિકતા છે કે, એ ખામી અન્યની શોધે છે, અને લોકો પોતાની ખૂબીના વખાણ કરે, એ માટે તે કઈ કેટલાય પ્રપંચ કરે છે.

સત્યની બાબતે પણ માનવી હંમેશા દલીલો કરતો દેખાય છે, કોઈ વાણીના સત્યને મહત્વ આપે છે, કોઈ વિચારનાં સત્યમાં પ્રવૃત્ત રહે છે,પણ બહુ ઓછા વર્તનનાં સત્ય સુધી પહોંચે છે. વર્તનનું સત્ય એટલે કે અન્યોન્ય સંબંધમાં પ્રેમનું પ્રસ્થાપન કરવું. પણ આપણે સૌ જાણીએ છીએ કે અહીં દંભ, દેખાડો, ઈર્ષા, નિંદા, આગ્રહ, અપેક્ષા, એવા આટલા બધા દુષણો પ્રવેશી ગયા છે કે, ખરેખર સાચા સંબંધો હવે જોવા મળતા નથી. સંબંધમાં દંભ, ઈર્ષા, નિંદા, લોભ, લાલસા, તૃષ્ણા, આગ્રહ નીગ્રહ, અપેક્ષા, ઉપેક્ષા, આ બધાને બાદ કરીએ તો જ! બાકી તો ફલાણાને આટલાં લાઈક મળ્યા મને એક પણ નહીં, એવી ઈર્ષા થવાની પણ સંભાવના વધી જાય છે. આતો એક નાનકડું ઉદાહરણ આપ્યું, બાકી આપણી અંદર આ સમયે ઉદ્ભવતા ભાવનું એકાંતમાં દરેકે દરેક જણ વિશ્લેષણ કરશે તો ખરેખર સાચું શું છે? એ તરત સમજાઈ જશે. કોઈપણ ભોગે ચોવીસ કલાકમાંથી ૨૪ મિનિટનું એકાંત તો કાઢવું જ પડે, તો જ આ બધી વૃત્તિ પ્રવૃત્તિઓમાંથી મનને બહાર લાવી શકાય, અને એક વાર બહાર નીકળે પછી જ તે આપણા સનાતન સત્યોને સ્વીકારી શકે, સ્વીકાર્યા પછી પોતાની જાતને ભૂલી, અન્યોમાં પ્રવૃત્ત થાય, તો જ તેને પરમ વિશ્રામને પરમાનંદ કે પરમ પ્રેમની પ્રાપ્તિ થાય. તો આપણે સૌ આ એકાંતને મનચાહ્યું બનાવી, અને તેના અનન્ય લાભને મેળવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**વૃદ્ધ માણસ રાજા પાસે આવ્યો અને કહ્યું: 'મહારાજ,તમે પરવાનગી આપો તો હું તમારી બીમારી દૂર કરી શકું**

# જીવનમાં બે વસ્તુ માણસને દુ:ખી કરે છે, એક જીદ અને બીજુ અભિમાન, તેમજ માણસને સુખી બે વસ્તુ કરે છે એક જતું કરવું અને બીજું જાતે કરવું!!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કૌરવો અને પાંડવો જો યુદ્ધના માર્ગે ન જાય અને સુલેહ સંપથી રહે તો આ દેશનું કલ્યાણ થશે, જો યુદ્ધને ટાળવામાં નહીં આવે તો તમે એ ધ્યાન રાખજો કે ભારે ખુવારી થવાની છે પુત્રો મરે કે ભત્રીજાઓ મરે પણ છેવટે તો શોક સિવાય બીજું કંઈ મળવાનું નથી, આ યુદ્ધ એવું થશે કે આખા ભારતવર્ષનો સંહાર થઈ જશે.**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પસના મગજનું ટેરિફ બાબતનું વાવાઝોડું ચીન તરફ ૨૪૫ની ઝડપે આગળ વધ્યું બીજી તરફ રશિયા યુક્રેન યુદ્ધ કેટલાય સમયથી ચાલી રહયું છે બંને દેશના નેતાઓ અને બુદ્ધિ શાળીઓ સમજે જ છે કે યુદ્ધથી બંને બાજુમાં બધી રીતે ખુમારી થવાની જ છે આ બાબત બંને દેશોના પાડોશી મિત્ર દેશો,સલાહ કારો પણ જાણે છે છતાં યુદ્ધ બંધ થવાને બદલે આગળ વધી રહ્યું છે આજે આપણે જોઈએ કે ખરેખર યુદ્ધ વિવાદ એ સારી વસ્તુ છે. તેનાથી દૂર રહેવું જોઇએ તો જ જીવન જીવવા મજા આવે બાકી તો વાદવિવાદ અત્ર તત્ર સર્વત્ર વ્યાપક જ છે.મહાભારતના સમયે શ્રીકૃષ્ણ જાણતા હતા કે આ યુદ્ધનું કેવું પરિણામ આવશે. તેથી તો જ વારેઘડીએ દૂત બનીને દુર્યોધનના દરબારમાં ગયા ત્યારે તેમણે સભામાં બધાની સમક્ષ ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે "મહારાજ, હું' બંને પક્ષનું કલ્યાણ થાય એવી શુભ ભાવના થી આવ્યો છું. ન્યાય અને ધર્મની દૃષ્ટિએ જોતાં તમારે પાંડવોને એમના હક્કનો પ્રદેશ આપી દેવો જોઈએ. તમારા પુત્રોને તમે સમજાવો.કૌરવો અને પાંડવો જો યુદ્ધના માર્ગે ન જાય અને સુલેહ સંપથી રહે તો આ દેશનું કલ્યાણ થશે.જો યુદ્ધને ટાળવામાં નહીં આવે તો તમે એ ધ્યાન રાખજો કે ભારે ખુવારી થવાની છે પુત્રો મરે કે ભત્રીજાઓ મરે પણ છેવટે તો શોક સિવાય બીજું કંઈ મળવાનું નથી. આ યુદ્ધ એવું થશે કે આખા ભારતવર્ષનો સંહાર થઈ જશે.પાંડવોને જો એમનો હક્ક મળશે તો તેઓ તમારી સેવા કરવા તૈયાર છે. પરંતુ તમારી જો એવી જ ઈચ્છા હશે કે યુદ્ધ ભલે ખેલાય.તો એ પ્રમાણે વર્તવા પણ તેઓ તૈયાર છે. પણ પરાજ્ય અને વિજય પામનાર એમ બંને પક્ષને હાથમાં આંસુ સિવાય બીજું કંઈ નહીં મળે.બંને પક્ષના સમર્થ અને શક્તિ શાળી પુરુષો કપાઈ જાય અને પછી કોઈને વિજય મળે તો એની કંઈ કિંમત નથી.'અને પછી શ્રીકૃષ્ણે દુર્યોધનને પણ ઘણો સમજાવ્યો,પણ તે સમજ્યો નહીં.દુર્યોધનની વાણીથી શ્રી કૃષ્ણનું હૃદય દુ:ખી બન્યું.આમ છતાં પણ દુર્યોધને જ્યારે શ્રીકૃષ્ણ પાસેથી મદદમાં નારાયણી સેના માગી ત્યારે કૃષ્ણે તે આપી દીધી !ઊચ્ચ કોટિના મહાપુરુષોનો આત્મા કેવો ઉચ્ચ હોય છે એનો ખ્યાલ આ પ્રસંગ ઉપરથી આવેછે તમે ભલે એમની સલાહ ન માનો, ભલે એમનું અપમાન કરો,પણ જો તમે એમની પાસે મદદમાગવા જાવ તો તેઓ હૃદયના ખરા પ્રેમ થી મદદ કરવા તૈયાર જ હોય છે. એમના મનમાં તમારા પ્રત્યે લેશ માત્ર પણ ડંખ નથી હોતો! દુર્યોધન એમ માનતો હતો કે'શ્રી કૃષ્ણની સેના મળે તો એમાં મારો વિજય છે.' અને કૃષ્ણે



કહ્યું કે 'લઈ જા.'અર્જુન એમ માનતો હતો કે 'મને કૃષ્ણ મળે તો એમાં મારું કલ્યાણ છે' અને કૃષ્ણે કહ્યું કે 'નું મને લઈ જા.''સમજવાનું એ છે કે ભગવાન ની કૃપા સૌ કોઈ ઉપર વરસતી રહે છે.ચોર એવી પ્રાર્થના કરે કે 'હે ભગવાન, આજે હું કોઈનું ઘરે ચોરી કરીને હજારો રૂપિયાની માલમત્તા મેળવું,એવા આશીર્વાદ આપો !' ભગવાન કહે છે કે 'તથાસ્તુ' અને આજ પળે કોઈ પોલીસ અધિકારી પ્રાર્થના કરે કે'હે ભગવાન હું ચોરને પકડીને મારી ફરજ બજાવતો રહું એવા આશીર્વાદ મને આપો' તો ભગવાન એને પણ કહેશે કે 'તથાસ્તુ' આશીર્વાદનો વરસાદ કોઈપણ જાતના ભેદ ભાવ વિના વરસતો રહે છે.પણ આત્માની ધરતીમાં જેવાં બીજ રોપાયાં હોય એવો પાક ઉતરે છે.કોઈ કાંટાળી વાડ,તો કોઈ વિરાટ વડલો ! આપણે માગવામાં,ઈચ્છાકરવામાં પણ વિવેક બુદ્ધિથી સારાસારનું ભાન રાખવું જોઈએ. જીવનમાં સુખનો અર્થ લડાઈ લડવાનો નથી પરંતુ તેમને ટાળવું, કુશળતા પૂર્વક પીછેહઠ કરવી એ પણ એક જીત છે, કારણ કે અભિમાનની શક્તિ એન્જલ્સને પણ શેતાન બનાવી દે છે, અને નમ્રતા એક સામાન્ય વ્યક્તિને પણ દેવદૂત બનાવી દે છે. જીવન માણવા માટે ખૂબ ટૂંકું છે અને નાપસંદ કરવા માટે ખૂબ લાંબુ છે, જેણે તમને દુઃખ પહોંચાડ્યું છે તેને માફ કરો અને આગળ વધો.તમારી જાત પરઅને તમારા ભગવાન પર વિશ્વાસ રાખો હંમેશા વિશ્વાસ રાખો,સ્વસ્થ રહો, સજાગ રહો,સુરક્ષિત રહો. કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે થોડી સાવચેતી જરૂર રાખો પણ આળસ નહી નીચેની વાત કંઈક કહે છે. એક રાજા હતો. રાજા પાસે બધી જ સુખ-સુવિધાઓ હતી અને અસંખ્ય નોકર તેની સેવા કરવા માટે દરેક સમયે ઉપલબ્ધ હતા. તેમ છતાં રાજા તેના જીવનથી ખુશ ન હતો કારણ કે તે તેના સ્વાસ્થ્યને લઈને ખૂબ જ ચિંતિત હતો. તે હંમેશા રોગોથી ઘેરાયેલો રહેતો હતો. રાજાની બીમારીના ઈલાજ માટે રાજદરબારો ચિંતા તુર બન્યા,આ સાંભળીને જે કોઈ રાજાની તબિયત સુધારશે તેને અસંખ્ય સોનાના સિક્કા આપવામાં આવશે રાજાએ એક વૃદ્ધ રાજાની સારવાર કરવાનું નક્કી કર્યું. વૃદ્ધ માણસ રાજા પાસે આવ્યો અને કહ્યું: 'મહારાજ,તમે પરવાનગી આપો તો હું તમારી બીમારી દૂર કરી શકું.' રાજાની અનુમતિ મળ્યા પછી તેણે કહ્યું:- 'તમે સંપૂર્ણ સુખી વ્યક્તિના વસ્ત્રો પહેરો,તમે ચોક્કસપણે સ્વસ્થ અને સુખી થઈ જશો.'વૃદ્ધની વાત સાંભળીને રાજાના બધા મંત્રીઓ અનેસેવકો જોરથી હસવા લાગ્યા. આના પર વૃદ્ધે કહ્યું:- 'મહારાજ, તમે બધી સારવાર અજમાવી છે, આ પણ અજમાવી જુઓ,તમે ચોક્કસ સ્વસ્થ થઈ જશો.' રાજા તેની સાથે સંમત થયા અને તેના સેવકોને રાજ્યની ચારેય દિશામાં સુખી માણસની શોધમાં મોકલ્યા. પરંતુ તેને કોઈ સંપૂર્ણ સુખી વ્યક્તિ મળી ન હતી જે લોકોમાં કોઈને કોઈ બાબતથી ઉદાસ હતી. હવે રાજા પોતે સુખી માણસની શોધમાં નીકળ્યો. તે ખૂબ જ ગરમીનો દિવસ હતો અને રાજાને ખરાબ લાગ્યું અને તે એક ઝાડની છાયામાં આરામ કરવા માટે રોકાયો પછી રાજાએ એક મજૂર ને આવી ગરમીમાં કામ કરતા જોયો, રાજાએ તેને પૂછ્યું:- 'તમે સંપૂર્ણ ખુશ છો?' મજૂરે આનંદથી અને સ્વાભાવિક રીતે કહ્યું:-ભગવાનની કૃપ ાથી,હું સંપૂર્ણ ખુશ છું. આ સાંભળીને રાજા પણ ખૂબ ખુશ થઈ ગયા. તેણે ઉપરથી નીચે સુધી મજૂર તરફ જોયું અને જોયું કે મજૂરે માત્ર ધોતી પહેરેલી હતી અને સખત મહેનતથી સંપૂર્ણપણે પરસેવો હતો. આ જોઈને રાજા સમજી ગયા કે સામાન્ય મજૂર પણ મહેનત કરવાથી જ સુખી થાય છે અને કોઈ કામ ન કરવાને કારણે રાજા રોગોથી ઘેરાયેલો રહે છે. રાજા પાછો આવ્યો અને વૃદ્ધનો આભાર માન્યો અને તેને અસંખ્ય સોનાના સિક્કા આપ્યા.હવે રાજા પોતે આરામ અને આળસ છોડી ને કામ કરવા લાગ્યા. સખત મહેનતથી, થોડા દિવસોમાં રાજા સંપૂર્ણ સ્વસ્થ અને ખુશ થઈ ગયો. વાર્તાનો સાર એ છે કે આજે આપણે ભૌતિક સુખ-સુવિધાઓથી એટલા ટેવાઈ ગયા છીએ કે આપણા શરીરની રોગો સામે લડવાની શક્તિ નબળી પડી રહી છે.જેના કારણે આપણે જલ્દી જ રોગોનો શિકાર થઈ જઈએ છીએ તેથી, તંદુરસ્ત અને સુખી જીવનનું રહસ્ય યોગ, ધ્યાન મુસાફરી વગેરે જેવી શારીરિક કસરતો છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, હવામાન વિભાગે ગરમીના પ્રકોપની આગાહી સાથે સાવચેત રહેવાની જરૂર છે તેવું જણાવ્યું છે તેને અનુસરી સ્વસ્થ રહીએ. પ્રેમ, સહકાર, વિશ્વાસ, વફાદારી, સલામતી સહાનુભૂતિ અને આદર એ બધી એવી લાગણીઓ છે જે પારકાને પણ તમારા પોતાના બનાવે છે.



# 'મને હંમેશા લોકોએ કવિ અને ફિલોસોફરના રોલ જ આપ્યા છે'

## કુનાલે કહ્યું, "મારે ઘણા સમયથી આવું કોઈ કામ કરવું હતું, મેં પહેલા આવી કોઈ લૂંટની ફિલ્મમાં ક્યારેય કામ કર્યુ નથી

સૈફ અલી ખાન અને જયદીપ આહલાવત જેવા કલાકારો જેમાં છે, એ ફિલ્મ 'જ્વેલ થીફ - ધ હાઈસ્ટ બિગિન્સ'ના ટ્રેલર લોંચની ઈવેન્ટ મુંબઈ ખાતે યોજાઈ હતી, આ ફિલ્મમાં કુનાલ કપૂરે પણ કામ કર્યુ છે, ત્યારે તાજેતરમાં તેણે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવીને આઝાદી અનુભવી હોવાની વાત કરી હતી. કુનાલ સામાન્ય રીતે શાંત, વિચારશીલ અને સરળ પાત્રો નીભાવવા માટે જાણીતો કલાકાર છે. ત્યારે કુનાલે કહ્યું કે તેને આ ફિલ્મમાં કશુંક નવું કરવાની તક મળી છે.કુનાલે કહ્યું, "મારે ઘણા સમયથી આવું કોઈ કામ કરવું હતું, મેં પહેલા આવી કોઈ લૂંટની ફિલ્મમાં ક્યારેય કામ કર્યુ નથી. આ એવી ફિલ્મ છે, કુનાલે કહ્યું, "મારે ઘણા સમયથી આવું કોઈ કામ કરવું હતું, મેં પહેલા આવી કોઈ લૂંટની ફિલ્મમાં ક્યારેય કામ કર્યુ નથી જેમાં તમને દરેક સીનમાં કોઈ સરપ્રાઈઝ મળશે. મહત્વની વાત એ છે કે આ ફિલ્મ એવા લોકોએ બનાવી છે, જે લોકો આ જોનરને સમજે છે. જ્યારે આવી ઉમદા ટીમ સાથે ફિલ્મની ઓફર મળી તો હું એ નકારી શક્યો નહીં."કુનાલે કહ્યું કે આ પહેલાં તેણે જે પણ રોલ કર્યા એ વધુ સહજ, સરળ પાત્રો હતા. કુનાલે કહ્યું કે સ્ક્રીન પર એક મજબૂત પાત્ર ભજવવા તે ઉત્સુક છે. કુનાલે કહ્યું, "આ પહેલાં હું હંમેશા કોઈ મિડીયેટર, શાંતિપ્રિય, કવિ, કે કોઈ ફિલોસોફર જેવા પાત્રો જ કરતો આવ્યો છું. સામાન્ય રીતે મને એવા જ પાત્રો મળે છે, જેમાં મારું પાત્ર એવું જ કહે કે, "ચલો વાત કરીએ અને કોઈ બાંધછોડ કરી લઈએ, ચલો ચાર જણ વચ્ચે હિરા વહેંચી લઈએ અને આગળ વધીએ." પણ આ રોલ મારા પહેલાના રોલથી ઘણો અલગ છે. તેમાં મને કોઈના પર બંદૂક તાકવાની, તેમને પાડી દેવાની કે કેટલાંક લોકો સાથે છળ કરવાની તક મળી. મને જાણે આઝાદી મળી હોય એવો અનુભવ થયો."'જ્વેલ થીફ: ધ હાઈસ્ટ બિગિન્સ' આળિકન રેડ સન નામના હીરાની લૂંટની વાત કરતી એક થ્રિલર ફિલ્મ છે. એક શક્તિશાળી ગુનેગાર દ્વારા આ લૂંટ માટે સૈફ અલી ખાનને રોકવામાં આવે છે, જે વેશ પલટાનો નિષ્ણાત છે. જ્યારે જયદીપ આહલાવત એક એવા પાત્રમાં છે, જે સમગ્ર લૂંટનો કારભાર સંભાળે છે. જ્યારે કુનાલ એક પોલિસ ઓફિસરના રોલમાં છે, જે લૂંટારુઓને ટેન્શન આપવાનું કામ કરે છે. આ ફિલ્મમાં નિકિતા દત્તા પણ મહત્વના રોલમાં છે, આ ફિલ્મ નેટફિલક્સ પર ૨૫ એપ્રિલે રિલીઝ થશે.

# અક્ષય કુમારે દર્શકોને ફિલ્મ 'કેસરી ૨'જોતી વખતે ફોનનો ઉપયોગ ટાળવા વિનંતિ કરી



ફિલ્મ દરમિયાન ફોન જોવો એ ફિલ્મ કેસરી-૨નું અપમાન હશે

'કેસરી ૨' ફિલ્મની રિલીઝના ૩ દિવસ પહેલાં અક્ષય કુમાર અને ફિલ્મની સમગ્ર કાસ્ટ મંગળવારે નવી દલ્હી ખાતે યોજાયેલા ગ્રાન્ડ પ્રીમિયરમાં હાજર રહી હતી. આ ઈવેન્ટ દરમિયાન અક્ષય કુમારે દર્શકોને ખાસ વિનંતિ કરી હતી. અક્ષયે ત્યાં આવેલા દરેકને વિનંતિ કરી હતી કે તેઓ 'કેસરી ૨' જોતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરે અને પૂરા ધ્યાન સાથે ફિલ્મને અનુભવે. આ ઈવેન્ટમાં અક્ષય કુમારે લકોને વિનંતિ કરતા કહ્યું, "હું બધાને નમ્રતાપૂર્વક વિનંતિ કરું છું કે તમારા ફોન મહેરબાની કરીને તમારા ખિસ્સામાં રાખો અને ફિલ્મનો દરેક ડાયલોગ ધ્યાનથી સાંભળો. અમારા માટે એ બહુ મહત્વનું છે. જો તેમ ચાલુ ફિલ્મે તમારું ઈન્સ્ટાગ્રામ ખોલીને જુઓ છો તો એ ફિલ્મ માટે મોટું અપમાન હશે. તો હું દરેકને વિનંતિ કરું છું કે તમારા ફોન ફિલ્મ દરમિયાન દુર જ રાખશો."દિલ્હી ખાતે યોજાયેલા આ ખાસ સ્ક્રિનીંગમાં કેટલાક જાણીતા રાજતીય નેતાઓ પણ હાજર રહ્યા હતા. તેમાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, ભાજપના સંસદ સભ્યો અનુરાગ ઠાકુર, બંસુરી સ્વરાજ તેમજ કેન્દ્રીય મંત્રી હરદીપ સિંઘ પુરી, મનિનંદર સિંઘ સિરસા, કપિલ મિશ્રા અને આશિષ સૂદ સહીતના લોકો હાજર હતા. આ ફિલ્મમાં અક્ષય કુમાર સાથે આર.માધવન પણ હાજર હતો, જેણે આ મહેમાનોનું વ્યક્તિગત રીતે સ્વાગત પણ કર્યુ હતું. ચાણક્યપુરીના એક જાણીતા થિએટરમાં આ પ્રિમીયર યોજાયું હતું. આ બાબતે ફિલ્મના દર્શકો અને અક્ષયના ફેન્સ પણ ઘણા ઉત્સાહીત હતા. આ ફિલ્મ સાથે કરણ સિંઘ ત્યાગીએ ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યુ છે. આ ફિલ્મ સત્ય ઘટના આધારીત છે, જે જલિયાંવાલા બાગના હત્યાકાંડની ઘટના સામે બ્રિટિશ સામ્રાજ્ય સામે કોર્ટમાં કેસ લડેલાં વકીલ સી.સંકરન નાયરના ૧૯૨૦ના વર્ષના કેસ પર આધારીત ફિલ્મ છે.ફિલ્મમાં ૧૯૨૪ના માનહાનિના કેસની વાત છે, આ કેસ અંગે 'કેસ ધેટ શૂક ધ એમ્પાયર' પુસ્તક પરથી ફિલ્મનો આધાર લેવાયો છે. આ પુસ્તક રઘુ પલટ, નાયરના પૌત્ર અને તેમની પત્ની પુષ્પા પલટ દ્વારા લખવામાં આવ્યું છે. પંજાબમાં એ વખતના બ્રિટિશ લેપ્ટનન્ટ ગવર્નર માઈકલ ઓ'ડાયરના પુસ્તકમાં ખુલાસો કર્યા બાદ નાયર સામે કેસ થયો હતો. તે જ જલિયાંવાલા બાગની ઘટનાનો માસ્ટર માઈન્ડ હતો. 'કેસરી ૨' કરણ જોહર દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને ૧૮ એપ્રિલે રિલીઝ થવાની છે.

## કેસરી ટૂ સાથે ટક્કર ટાળવા જતાં હવે ભૂતની રેઈડ ટૂ સાથે ટકરાશે



સંજય દત્ત અને મૌની રોયની આગામી હોરર-એકશન-કોમેડી 'ભૂતની' ૧૮મી એપ્રિલને બદલે હવે તા. પહેલી મેએ રજૂ થશે. પહેલી મેએ અક્ષય કુમારની 'કેસરી ટૂ' રજૂ થવાની છે. તેની સાથે ટક્કર ટાળવા માટે નિર્મતાઓએ આ તારીખ બદલી છે. જોકે, પહેલી મેએ અજય દેવગણની 'રેઈડ ટૂ' પણ રીલિઝ થવાની છે. આમ અનુકૂળ રીલિઝ ડેટ શોધવાનાં ચક્કરમાં 'ભૂતની'ને નુકસાન થવાની વકી છે. દેખીતી રીતે જ કરણ જોહરે 'ભૂતની'ની રીલિઝ પાછી ઠેલવા દબાણ કર્યુ હોવાની સંભાવના છે. જોકે, નિર્માતાઓએ એવું કારણ દર્શાવ્યું છે કે ફિલ્મનું વીએફએક્સનું કામ હજુ થોડું બાકી છે એટલે રીલિઝ પાછી ઠેલવામાં આવી છે. જોકે, આ બહાનું કોઈને ગળે ઉતરતું નથી. ફિલ્મની રીલિઝ ડેટને એક સપ્તાહ પણ બાકી ન હોય ત્યારે વીએફએક્સ અધૂરું હોય તે શક્ય નથી. શક્ય છે કે રીલિઝ ડેટ પાછી ઠેલવાની કવાયત લાંબા સમયથી ચાલતી હશે.

# રણવીર સિંહની ડોન ૩માં કિઆરાનું સ્થાન શર્વરી લેશે

શર્વરી વાઘને દર્શકો 'મુંજ્યા' અને 'વેદા' જેવી ફિલ્મોમાં એક્શન રોલમાં જોઈ ચૂક્યાં છે, તેના પછી હવે તે આલિયા ભટ્ટ સાથે યશરાજ ફિલ્મ્સની સ્પાય થ્રિલર 'આલ્ફા'માં પણ કામ કરી રહી છે. ત્યારે હવે તે વધુ એક મોટી ફિલ્મમાં કામ કરતી હોવાના અહેવાલો છે. શર્વરી વાઘ 'ડોન ૩'માં રણવીર સિંહ સાથે કામ કરવાની છે, પહેલાં આ ફિલ્મમમાં રણવીર સાથે કિઆરા અડવાણી લીડ રોલ કરવાની હતી, પરંતુ પ્રેગનન્સીના કારણે તેણે આ ફિલ્મ છોડી દીધી છે. તાજેતરના અહેવાલો અનુસાર ફરહાન અખ્તરે આ ફિલ્મ માટે શર્વરીને પસંદ કરી છે. જોકે, હજુ આ અંગે કોઈ આખરી નિર્ણય જાહેર કરાયો નથી.સૂત્રના જણાવ્યા અનુસાર, "શર્વરી સાથે અન્ય પણ એક એક્ટ્રેસ અંગે વિચારણા ચાલુ હતી. પરંતુ શર્વરી આ રોલ મેફવવામાં સફળ રહી છે. ફિલ્મની ટીમ પણ




શર્વરીને લઈને ખુશ છે. શર્વરી પણ આ રોલ માટે ઘણી ઉત્સાહીત છે કે તે વધુ એક મોટી ફ્રેન્ચાઈઝીમાં કામ કરી રહી છે. કારણ કે આલ્ફા પણ એક મોટા બેનરની એક્શન ફિલ્મ છે."આ ફિલ્મનું શૂટિંગ આ જ વર્ષે શરૂ થઈ જાય તેવી શક્યતા છે. જોકે, એવા અહેવાલો પણ છે કે આ ફિલ્મનું શૂટિંગ હવે પાછું ઠેલાયું છે. અગાઉ નવેમ્બર ૨૦૨૩માં ફરહાન અખ્તરે તેની ટાઈમલાઈન શેર કરી હતી, તેમાં કહ્યું હતું, "ફિલ્મના મેકર્સ અને રણવીર સિંગ બધાં જ ઉત્સાહીત છે અને ડોન ૩ના કામમાં કોઈ જ ફેરફાર થશે નહીં. પોસ્ટપોન થવાના અહેવાલો ખોટાં છે."પહેલાં રણવીર સિંગ પણ શાહરુખને આ ફિલ્મ માટે રીપ્લેસ કરી ચૂક્યો છે. તાજેતરમાં એવા પણ અહેવાલો આવ્યા છે કે વિક્રાંત મેસ્સી આ ફિલ્મમાં વિલનના રોલમાં જોવા મળશે. હાલ તો શર્વરી તેની આગામી એકશન થ્રિલર આલ્ફાના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મ શિવ રવૈલ દ્વારા ડિરેક્ટક કરવામાં આવી છે. તેમાં શર્વરી સાથે આલિયા પણ છે, આ ફિલ્મ ક્રિસમસ ૨૦૨૫ પર રિલીઝ થશે.



## ૨૦૨૫માં જ ફિલ્મ રિલીઝ થાય એવી શક્યતા

# સુપરસ્ટાર યશની કેજીએફ ૩ની જાહેરાત, પ્રોડક્શન હાઉસે ફિલ્મ કન્ફર્મ કરી



પ્રશાંત નીલની આ ફિલ્મથી યશ સાઉથના સુપરસ્ટારમાંથી એક નેશનલ હિરો બની ગયો હતો..

રોકીની સ્ટોરી આજ સુધી અધુરી રહી છે, ત્યારે હવે ફિલ્મના હોમબેલ પ્રોડક્શનના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ફિલ્મના ત્રીજા ભાગની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે એવી પણ આશા છે કે આ ફિલ્મ બહુ જલ્દી રિલીઝ થઈ જશે. ઘણા વખતથી તેના આગામી ભાગ અંગે ચર્ચાઓ ચાલતી હતી. ત્યારે 'કેજીએફ ચેપ્ટર ૨'નાં ત્રણ વર્ષ પૂરાં થતાં હોમબેલ ફિલ્મ્સ દ્વારા તેના ત્રીજા ભાગની પણ જાહેરાત કરવામાં આવી છે. ફિલ્મનું કામ શરૂ થઈ ચૂક્યું છે અને ૨૦૨૫માં જ થિએટરમાં આવી જાય એવી શક્યતા છે. પ્રશાંત નીલની આ ફિલ્મથી યશ સાઉથના સુપરસ્ટારમાંથી એક નેશનલ હિરો બની ગયો હતો. સમગ્ર દેશમાં તેના ફેન્સ અચાનક વધી ગયા હતા. આ ફિલ્મમાં રાજા ખ્રિશ્નપ્પા બૈર્યા એટલે કે રોકીભાઈ નામના ગેંગ્સ્ટરની વાત છે, જે મુંબઈની ગલીઓમાંથી કોલારની રક્ત રંજિત સોનાની ખાણોનો બાદશાહ બની જાય છે. ઈન્ડિયન ફિલ્મની ઘણી લોકપ્રિય અને રસપ્રદ ફિલ્મ બની રહી હતી. ફિલ્મનો બીજો ભાગ ૧૪ એપ્રિલ, ૨૦૨૨ના દિવસે રિલીઝ થઈ હતી. આ રીતે આ એક મોટી ળેન્ચાઈઝી બની ગઈ હતી. તેની ભાવુક વાર્તા અને યશ, પ્રશાંત નીલની આ ફિલ્મથી યશ સાઉથના સુપરસ્ટારમાંથી એક નેશનલ હિરો બની ગયો હતો રવિના ટંડન અને સંજય દત્ત જેવા કલાકારોના યાદગાર અભિનયથી આ ફિલ્મ ભારતીય ફિલ્મોમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ હતી. હવે ત્રણ વર્ષ પછી તેના ત્રીજા ભાગની જાહેરાત કરવામાં આવી છે. તેમણે સોશિયલ મીડયા પર કરેલી પોસ્ટમાં લખ્યું હતું,"એક રાક્ષસી વાવાઝોડાએ મોટા પડદા પર તોફાન લાવી દીધું હતું, પ્રશાંત નીલની આ ફિલ્મથી યશ સાઉથના સુપરસ્ટારમાંથી એક નેશનલ હિરો બની ગયો હતો જેણે થિએટરમાં ઉજવણીનો માહોલ બનાવી દીધો હતો અને સોનાનો વારસો જડી દીધો હતો." આ સાથે એક વીડિયો પણ શેર કરવામાં આવ્યો હતો. તેથી યશના ફેન્સ પણ ખુશ થઈ ગયા હતા. હોમબેલ ફિલ્મ્સે અગાઉ પણ જાહેરાત કરી હતી. એ મુજબ કેજીએપ ૩નું કામ ૨૦૨૩ના અંતમાં શરૂ થવાનું હતું. ફિલ્મ ૨૦૨૫માં રિલીઝ પણ થવાની હતી. જોકે, આ ફિલ્મની કાસ્ટ અને વાર્તા વિશે કોઈ જાહેરાત થઈ નથી. તેથી હવે આ ફેન્ચાઈઝીની ફેન્સ યશના રોલની જ રાહ જોશે. ૨૦૨૫માં જ ફિલ્મ રિલીઝ થાય એવી શક્યતા

# પ્રતીક ગાંધીની 'સ્કેમ'નો કોઈ લેણદાર નહોતો

## હર્ષદ મહેતાએ ડિરેક્ટ કરેલી પ્રતિક ગાંધીની સિરીઝ 'સ્કેમ ૧૯૯૨' ૨૦૨૦માં રિલીઝ થઈ હતી

હર્ષદ મહેતાએ ડિરેક્ટ કરેલી પ્રતિક ગાંધીની સિરીઝ 'સ્કેમ ૧૯૯૨' ૨૦૨૦માં રિલીઝ થઈ હતી. જે અતિશય સફળ રહી હતી અને આ સીરિઝથી પ્રતિક ગાંધી અને હંસલ મહેતા બંને છવાઈ ગયા હતા. તાજેતરમાં જ હંસલ મહેતાએ એક ઈન્ટરવ્યુમાં આ સિરીઝ રિલીઝ થઈ તે પહેલાંનાં તબક્કા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે શરૂઆતમાં કોઈ પણ ઓટીટી પ્લેટફર્મ આ સિરીઝ લેવા તૈયાર નહોતું. તેથી જ્યારે સોનીલિવ આ શો માટે સહમત થયું તો તે બહુ ખુશ થયા નહોતા. હંસલ મહેતાએ કહ્યું, "૨૦૧૭માં અમે સ્કેમ લખી હતી. અમને એ લખતા ૩-૪ વર્ષ થયાં હતાં. ૨૦૧૯માં અમે તેનું શૂટિંગ શરૂ કર્યુ હતું. ઓગસ્ટ ૨૦૧૯માં અમે શો રિલીઝ કરવા તૈયાર હતા."આગળ હંસલ મહેતાએ જણાવ્યું, "ત્યારે અમે પ્રેશરમાં હતા,





લોકડાઉન હતું અને સોની લિવે કહ્યું કે આ જ તક છે, જલદી શો રિલીઝ કરી દો. એ વખતે સોની પણ નવું પ્લેટફર્મ હતું, સ્કેમ સ્કેમનો કમાલ હતો. અમે બહુ વિશ્વાસ સાથે અમારો શો બનાવ્યો હતો. તેથી અમને તો એવું હતુ કે અમે એટલો જોરદાર શો બનાવ્યો છે કે કોઈ પણ ઓટીટી પ્લેટફર્મ આ શો ખરીદી લેશે. પણ કોઈ પ્લેટફર્મ આ શો માટે આગળ આવ્યું નહીં. બધાં બસ એવું જ કહેતાં કે કોણ છે આ પ્રતિક ગાંધી?"આગળ હંસલ મહેતાએ આ શોના પ્રોડ્યુસરના વખાણ કરતા કહ્યું, "અપ્લાઉઝ અને સમીર નાયરે મોટું કામ કર્યુ. સમીરનીએ દીર્ઘ દૃષ્ટિ, એ કોઈની પણ પાસે સ્કેમ બનાવડાવી શક્યા હોત અને એ પૈસા આપેત તો કોઈ પણ આ કામ કરી શક્યું હોત. પરંતુ હું મુકેશ છાબરા પાસે ગયો. મેં એને કહ્યુ કે મારે આ પ્રતિક ગાંધી નામનો કલાકાર જોઈએ છે. એણે એક પણ ક્ષણનો વિચાર કર્યા વિના હા કહી દીધી. મેં એને અચિંતે કમ્પોઝ કરેલું મ્યુઝિક સંભળાવ્યું, અમે થોડાં વખત પહેલાં જ એ ટૂકડો તૈયાર કર્યો હતો. સમીરે એ સાંભળ્યું અને એ લઈ જ લીધું."પ્રતિક ગાંધીની પસંદગી વિશે વાત કરતા હંસલ મહેતાએ કહ્યું, "નવા કલાકાર હોય તો કોઈ પણ પ્રકારના ભારણ વિના આવે છે. તેમની સર્જનાત્મકતા પણ ધારદાર હોય છે. તેઓ રિસ્ક લેતા ડરતા નથી, આત્મવિશ્વાસ સાથે જોખમ લઈ જાણે છે. એ આયોજન પૂર્વક કરવું શક્ય હોતું નથી. તેથી જ સ્કેમ આટલું સફળ થયું."સોનીલિવ સાથેના અનુભવ વિશે હંસલ મહેતાએ કહ્યું, "૩૧ મે, ૨૦૨૦, લોકડાઉન વખતે મને સોનીલિવથી ફોન આવ્યો કે તમારો ફોટો આપ ો. હર્ષદ મહેતાએ ડિરેક્ટ કરેલી પ્રતિક ગાંધીની સિરીઝ 'સ્કેમ ૧૯૯૨' ૨૦૨૦માં રિલીઝ થઈ હતી મેં કહ્યું, તમારે કેમ મારો ફોટો જોઈએ છે? તો એમણે કહ્યું કે તમારો શો આવી રહ્યો છે. એટલે મેં સમીરને મેસેજ કર્યો કે આપણો શો સોનીલિવ પર જઈ રહ્યો છે, મેં તેને કહ્યું કે બહુ દુઃખદ વાત છે, કે આપણે આટલી મહેનત કરી અને શો આ પ્લેટફર્મ પર જાય છે, જે કોઈ જોતું જ નથી."આના જવાબમાં સમીર નાયરે હંસલ મહેતાને સમજાવ્યું, "આ એક જ પ્લેટફર્મ છે, જે આ શોને પ્રેમ અને દરકાર આપશે. એ લોકો આપણા શોને સારી રીતે બતાવશે, પણ કોઈ જોશે જ નહીં તો શું થશે? તો અમારો બધો ઉત્સાહ ભાંગી ગયો, પણ મારી ટીમનો ઉત્સાહ મારે જાળવી રાખવાનો હતો. સમીરે મને જે કહ્યું એ વાત મેં બધાને કહી. તેથી અમે શો પૂરો કર્યો અને બાકી બધું તો ઈતિહાસ બની ગયું, અમે ઘણો લાંબો ઈતિહાસ રચી દીધો છે."

# સાઉથમાં મારા મંદિરો બંધાશે : ઉર્વશી

## તેના નામનું એક મંદિર બન્યું છે અને લોકો તેની પૂજા પણ કરે છે



મોડેલ અને એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જાણીતી છે, છેલ્લાં કેટલાક સમયથી તે પોતાની સાઉથની ફિલ્મોને લઈને ઘણી ચર્ચામાં રહે છે. ત્યારે તેણે તાજેતરમાં એક રસપ્રદ ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે ટૂંક સમયમાં સાઉથમાં તેનું મંદિર બનવાનું છે.એક ઈન્ટરવ્યુમાં ઉર્વશીએ કહ્યું કે તેના નામનું એક મંદિર બન્યું છે અને લોકો તેની પૂજા પણ કરે છે. તેને આશા છે કે સાઉથમાં તેનું મંદિર પણ બને. તેના આ નિવેદનથી સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા થઈ છે. ઉર્વશીએ સાઉથમાં ચિરંજીવી તેમજ બાલાક્રિશ્ના જેવા કલાકારો સાથે કામ કર્યુ છે અને બંનેના અઢળક પ્રસંશકો છે. ત્યારે તેને આશા છે કે તેના મંદિરની વાત ટૂંક સમયમાં એક વાસ્તવિકતા બની શકે છે. સાઉથમાં આ પહેલાં ઘણા સેલેબ્રિટીના મંદિર બની ચૂક્યા છે. ઉર્વશીના સાઉથમાં વધતા કામ અને સ્ટારડમના પગલે તે પણ આવા સેલેબ્સની યાદીમાં જોડાય તેવી શક્યતા વધુ છે. ઉર્વશી માટે ૨૦૨૫નું વર્ષ મહત્વનું રહેવાનું છે. તેની 'ડાકુ મહારાજ' ૧૦૦ કરોડ ક્લબમાં પ્રવેશી ચૂકી છે, તેણે સની દેઓલ સાથે 'જાટ'માં પણ કામ કર્યુ છે. હવે તે 'વેલકમ ૩', 'બાપ', 'ઈન્સ્પેક્ટર અવિનાશ ૨' તેમજ પરવીણ બાબીની બાયોપિક અને જેસન ડેરુલોના મ્યુઝિક વીડિયોમાં પણ કામ કરવાની છે.

# કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકરે લોથલના ઐતિહાસિક સ્થળ અને નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) પ્રોજેક્ટ સ્થળની મુલાકાત લીધી

## આ પહેલ ભારતની ભવ્ય દરિયાઈ પરંપરાઓને પુનર્જીવિત કરવા અને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા સરકારની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છેઃ એસ. જયશંકર

। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

કેન્દ્રીય વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકરે લોથલના ઐતિહાસિક સ્થળ અને નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) પ્રોજેક્ટ સ્થળની મુલાકાત લીધી હતી. આ મુલાકાત ભારતની સમૃદ્ધ દરિયાઈ વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે સરકારની સતત પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

કેન્દ્રીય વિદેશ મંત્રીએ સૌપ્રથમ પ્રાચીન સિંધુ ખીણ સંસ્કૃતિના અગ્રણી શહેરોમાંના એક, લોથલ ખાતે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) સ્થળના પ્રવાસથી મુલાકાતની શરૂઆત કરી હતી. આ સ્થળની મુલાકાતનું માર્ગદર્શન સંસ્કૃતિ મંત્રાલયના છજીૈં ના અધિક મહાનિર્દેશક દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે માનનીય મંત્રીને સ્થળના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ વિશે માહિતી આપી હતી અને ચાલુ ખોદકામ અને તેના તારણો પર સમજ આપી હતી. ત્યારબાદ, મંત્રીશ્રી નેશનલ મેરી ટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટ સ્થળની મુલાકાત લીધી, જ્યાં માનનીય મંત્રીશ્રી સમક્ષ એક વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં આગામી સંકુલની પ્રગતિ, વિઝન અને વિશિષ્ટ સુવિધાઓ દર્શાવવામાં આવી હતી. વધુમાં મંત્રી શ્રીઅu NMHC પ્રોજેક્ટના વિવિધ મુખ્ય ઘટકો જેવા કે, ડ્રોપ-ઓફ એરિયા, જેટી બ્લોક, એન્ટ્રી બ્લોક, લોથલ ટાઉન રિક્રિએશન, લોથલ કોરિડોર, છ અત્યાધુનિક મ્યુઝિયમ ગેલેરીઓ, વોટર હોલ્ડિંગ ટાંકી, IL 38 ભારતીય નૌકાદળ પરિવહન તેમજ વિમાન INS નિશાંકની પણ મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે મંત્રીએ ભારતના દરિયાઈ વારસાને આગળ લાવવા માટે કરવામાં આવી રહેલા ''વિશાળ અને દૂરંદેશી પ્રયાસો''ની પ્રશંસા કરી હતી તેમજ તેમણે કહ્યું હતું કે, ''નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ એ પ્રાચીન ભારતની સભ્યતાપૂર્ણ તેજસ્વીતા અને લાંબાગાળાથી ચાલતા દરિયાઈ કૌશલ્યની શ્રદ્ધાંજલિ સમાન છે.'' તેમણે વધુમાં ભાર મૂક્યો કે, આ પહેલ ભારતની ભવ્ય દરિયાઈ પરંપરાઓને પુનર્જીવિત કરવા અને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટે સરકારની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

વિશ્વ કક્ષાના દરિયાઈ સંગ્રહાલય અને વારસા સંકુલ તરીકે કલ્પના કરાયેલ NMHC, ભારતની દરિયાઈ પરંપરાઓ અને વૈશ્વિક દરિયાઈ ઈતિહાસમાં યોગદાનની ઉજવણી કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીએ નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત દરિયાઈ વારસાના કેન્દ્ર તરીકે વિકસાવવામાં MoPSW, ASI, IPRCL અને અન્ય હિસ્સેદારોના સંકલિત પ્રયાસોની પ્રશંસા કરી હતી.

મંત્રીશ્રીની આ મુલાકાત નેશનલ મેરી ટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષના શરૂ કરાયેલ વિકાસમાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ સમાન છે અને ભારતના પ્રાચીન દરિયાઈ મૂળને પુનર્જીવિત કરવાના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણને મજબૂત બનાવે છે.

# ગાંધીનગર કેપિટલ સ્ટેશન ખાતે ફર્સ્ટ એડ, સીપીઆર અને એઈડી પ્રશિક્ષણ સત્રનું આયોજન



। અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ મંડળ ના ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર તારીખ ૧૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ પ્રથમ ઉપચાર (First Aid), સીપીઆર તથા એઈડી (ઓટોમેટેડ એક્સટર્નલ ડિફિબ્રિલેટર) નું એક વિશેષ પ્રશિક્ષણ સત્ર આયોજિત કરવામાં આવ્યું. આ સત્ર ડો. સુશાંત રંજન, વરિષ્ઠ મંડળ ચિકિત્સા અધિકારી /સાબરમતી દ્વારા સંચાલિત કરવામાં આવ્યું.

પ્રશિક્ષણ ના દરમ્યાન સીપીઆર ની ટેક્નિક ને માનવ આકૃતિ (મેનિકિન) પર વ્યાવહારિક રૂપ થી પ્રદર્શિત કરવામાં આવ્યું, સાથે જ એઈડીના ઉપયોગનું પણ જીવંત પ્રદર્શન આપવામાં આવ્યું. સત્રમાં પ્રાથમિક ઉપચારની ભૂમિકા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી, વિશેષ રૂપ થી એ સામાન્ય કટોકટી જેમાં ફ્રેક્ચર, અતિશય રક્તસ્રાવ, દાઝી જવું, કારણે લાગવો, લૂ લાગવી, ડૂબવું અને આકસ્મિક ડિલિવરી ઘટનાઓ સામેલ થાય છે.

આ પ્રશિક્ષણ સત્રમાં ટ્રાફિક, સુરક્ષા અને મિકેનિકલ વિભાગના લગભગ ૩૫ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ સત્ર ન માત્ર કર્મચારીઓની કટોકટીની પરિસ્થિતિઓને સંભાળવાની ક્ષમતા વધારવામાં મદદરૂપ સાબિત થયું પરંતુ કાર્યસ્થળ પર સુરક્ષાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું પણ હતું.

# અમદાવાદના સિટી ગ્રામ્ય ઘટકમાં દસ્ક્રોઈ અને માંડલ તાલુકાના ગામોમાં પોષણ પખવાડિયાના કાર્યક્રમો યોજાયા

## સીડીપીઓશ્રી દ્વારા નવા જન્મેલા બાળક અને તેની માતાની ગૃહ મુલાકાત કરી તેમના આરોગ્ય અને પોષણ ઉપર સલાહ સૂચન આપવામાં આવ્યા



। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ જિલ્લામાં પોષણ પખવાડિયા અંતર્ગત આઈસીડીએસ યોજનાના સીડીપીઓશ્રી, સિટી ગ્રામ્ય ઘટક દ્વારા દસ્ક્રોઈ અને માંડલ તાલુકાના અસલાલી, જેતલપુર પીરાણા, સીતાપુર ગામોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પોષણ પખવાડિયા હેઠળ આ ગામોમાં નવા જન્મેલા બાળકની અને તેની માતાની ગૃહ મુલાકાત કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન બાળકનું વજન કરી, છ માસ સુધી તેને ફક્ત સ્તનપાન કરાવવું, બાળકને સ્તનપાન કેટલી વખત કરાવવું, માતાની સ્થિતિ, બાળકની સ્થિતિ વગેરેની IYCF (Infant and young child feeding)ની માર્ગદર્શિકા મુજબ સમજણ આપવામાં આવી હતી. ગૃહ મુલાકાતમાં લાભાર્થીઓને એનિમિયા, એનિમિયાના ચક્ર અને આયર્ન ફોલિકની ગોળીઓનું સેવન કરવા સમજાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ગામની કિશોરીઓને ગામના જાહેર આરોગ્ય કેન્દ્રની મુલાકાત કરાવવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રમાં માતાની હાજરીમાં બાળકનું વજન અને ઊંચાઈ કરવામાં આવ્યાં હતાં.

### ડ્યૂટી પર હાજર પોલિસ કર્મચારીના કહેવા મુજબ હવાથી કાચ તૂટયો

# ઝાલોદ આંબેડકર ચોક પર આંબેડકરની પ્રતિમાનો કાચ તૂટી જતાં નગરજનોમા આક્રોશ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ આંબેડકર ચોક ખાતે હાલ આંબેડકર જયંતીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આજરોજ ૧૭-૦૪-૨૦૨૫ની વહેલી સવારે આંબેડકરની પ્રતિમાનો કાચ તૂટી ગયેલ જોવા મળ્યો હતો. આંબેડકરની પ્રતિમાનો કાચ તૂટી જતાં મોટા પ્રમાણમાં નગરજનો તેમજ પોલિસ અધિકારી તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયેલ હતા. આ ઘટના બનતા રાત્રિ દરમ્યાન હાજર પોલિસ કર્મી સાથે પોલિસ અધિકારીઓ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી રાત્રી દરમ્યાન ફરજ નિભાવનાર પોલિસ કર્મચારીના કહેવા મુજબ રાત્રી દરમ્યાન આ કાચ હવાથી તૂટી ગયેલ છે.

હાજર પોલીસ કર્મચારીના નિવેદન પછી પણ નગરજનો દ્વારા આ ઘટના અંગે સી.સી.ટી.વી ફુટેજ જોવા માંગ કરી હતી તેમજ જો સી.સીટી.વી ન ચાલતા હોય અને આ ઘટના કોઈએ જાણીને કરી હોય તેવું પણ બની શકે છે તેથી નગરજનો દ્વારા આ ઘટના અંગે સાચી અને યોગ્ય દિશામાં તપાસ કરવા માંગ કરેલ છે. ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.આઈ એચ.સી. રાઠવા એ આ અંગે નિવેદન આપતા કહ્યું હતું કે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને લાગેલ કાચનુ આવરણ રાત્રિ દરમ્યાન ચાલતી હવાથી તૂટેલ છે જેથી આ અંગે કોઈ પણ ખોટી અફવા ચાલતી હોય તો તે તથ્ય વિહીન છે.

# ઝાલોદ તાલુકાના અંતરિયાળ વિસ્તાર લીલવા ઠાકોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોબાઇલ ટીબી એ-ક્ષરે વાન દ્વારા ટીબીની તપાસ કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લીલવા ઠાકોર ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા ક્ષય અધિકારીના માર્ગદર્શન હેઠળ ટીબી એ-ક્ષરે વાન લીલવા ઠાકોર .પી.એચ.સી. ખાતે આવી હતી.

આદરમ્યાન તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.તુષાર ભાભોરની સુચનાથી ૧૦૩ જેટલા શંકાસ્પદ ટીબીના લક્ષણો ધરાવતા લાભાથી-ઓના એ-ક્ષરે કરવામાં આવ્યા હતા.

આવેલ તમામ નાગરિકોના ડાયાબિટીસની તપાસ પણ કરવામાં આવી હતી. તેમા લીલવા ઠાકોર પી.એચ.સી.સુપરવાઈઝર તેમજ તમામ સ્ટાફ હાજર રહ્યા હતા.

# ઝાલોદ નગરની સામાજિક કાર્યકર્તા બહેનોને અસ્થીર મગજની મહિલા મળી આવતા પોલિસને જાણ કરાઈ

## પોલિસ દ્વારા અસ્થીર મગજની મહિલાને દાહોદ મોકલવા તજવીજ હાથ ધરી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ આઈ.ટી.આઈ કોલેજ ખાતે એક કાચા ઝૂંપડામાં અસ્થીર મગજની મહિલા છે તેની માહિતી ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ સિસોદિયાને મળેલ હતી. આ માહિતી ઝાલોદ પોલિસને મળતા ઝાલોદ નગરની સેવાભાવી બહેનોનો સંપર્ક કરેલ હતો. સેવાભાવિ બહેનો જીગીષા પંચાલ, પીનલ પંચાલ, નીમીષા પંચાલ તાત્કાલિક પોલીસ સાથે આઈ.ટી.આઈ મુકામે પહોંચી ગયેલ હતો. પોલિસના સહકારથી સેવાભાવી બહેનોએ આ અસ્થીર મગજની બહેનને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે તપાસ અર્થે લાવવામાં આવેલ હતા. હોસ્પિટલમાં તમામ રિપોર્ટ નોર્મલ આવેલ હતા ત્યારબાદ આ અસ્થીર મગજની મહિલાને નવડાવી, વાળ કપાવી, નવા કપડા પહેરાવવામાં આવેલ હતા. પોલિસ દ્વારા આ મહિલાને પોલિસ સ્ટેશન લઈ જઈ તેની જાણકારી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. પોલિસ દ્વારા આ મહિલાને બાયડ ખાતે આવેલ જય અંબે વૂમન સોસાયટી ખાતે મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવેલ હતી.

# અમદાવાદ મંડળની ભુજ-બરેલી એક્સપ્રેસ હવે તેના પૂર્વનિર્ધારિત માર્ગથી ચાલશે

। અમદાવાદ, તા.૧૭ ।

ઉત્તર પશ્ચિમ રેલ્વેના જયપુર મંડળમાં અનાજ મંડી રેવાડી–રેવાડી રેલ ખંડ પર લેવલ ક્રોસિંગ નં.૬૧ પર ગર્ડર લૉન્ચિંગનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ કાર્યને લઈને અગાઉ ડાયવર્ટ કરવામાં આવેલી ટ્રેનોનું સંચાલન હવે પુનઃ તેમના પૂર્વ નિર્ધારિત માર્ગથી શરૂ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ મંડળથી ચલતી ટ્રેન સં.૧૪૩૧૨ ભુજ-બરેલી હવે તેના નિર્ધારિત માર્ગ પરથી ચાલશે. વિવરણ નિમ્નાનુસાર છેઃ

- ૧૯ એપ્રિલ ૨૦૨૫ થી ટ્રેન સં.૧૪૩૧૨/૧૪૩૨૨ ભુજ–બરેલી–ભુજનું સંચાલન તેના નિર્ધારિત માર્ગ વાયા ફુલેરા–જયપુર–અલવર–રેવાડીથી કરવામાં આવશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંચાલન અંગે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ડેડીયાપાડા દ્વારા વિવિધ ગામોમાં પોષણ પખવાડિયાની ઉજવણી કરાઈ

। (માહિતી) નર્મદા, તા.૧૭ ।

પોષણ અભિયાન અંતર્ગત પ્રતિ વર્ષ એપ્રિલ મહિનામાં પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે તા. ૮થી ૨૨ એપ્રિલ – ૨૦૨૫ દરમિયાન નર્મદા જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા પોષણ પખવાડિયાને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પોષણ પખવાડાની ઉજવણીના ભાગ રૂપે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ડેડીયાપાડા દ્વારા ડેડીયાપાડા તાલુકાના ગામડાઓમાં જઈને કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. એચ.યુ.વ્યાસ દ્વારા ખેડૂતોને બાયોફર્ટિફાઈડ બિયારણની જાતો અને કિચનગાર્ડન વિશે માહિતી પુરી પાડી તેના તરફ વળવા માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. સાથે પોષણયુક્ત આહાર માટેની ગામલોકો સાથે પ્રતિજ્ઞા પણ લેવામાં આવે છે. કૃષિ કેન્દ્રના વૈજ્ઞાનિક ડૉ. મીનાક્ષી તિવારીએ જુદા-જુદા વિષયો જેવા કે બાયોફોર્ટિફાઈડ પાકોનું વાવેતર અને પોષણ મૂલ્ય, સરગવાનું મૂલ્યવર્ધન અને પોષણ અંગેની જાણકારી સાથે સ્થાનિક રીતે ઘરની આસપાસ ઉપલબ્ધ પોષક ખોરાકને પ્રધાન્ય આપવા અંગે સમજ પૂરી પાડી હતી.


# અમદાવાદના સિટી ગ્રામ્ય ઘટકમાં દસ્ક્રોઈ અને માંડલ તાલુકાના ગામોમાં પોષણ પખવાડિયાના કાર્યક્રમો યોજાયા





। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ જિલ્લામાં પોષણ પખવાડિયા અંતર્ગત આઈસીડીએસ યોજનાના સીડીપીઓશ્રી, સિટી ગ્રામ્ય ઘટક દ્વારા દસ્ક્રોઈ અને માંડલ તાલુકાના અસલાલી, જેતલપુર પીરાણા, સીતાપુર ગામોમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પોષણ પખવાડિયા હેઠળ આ ગામોમાં નવા જન્મેલા બાળકની અને તેની માતાની ગૃહ મુલાકાત કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન બાળકનું વજન કરી, છ માસ સુધી તેને ફક્ત સ્તનપાન કરાવવું, બાળકને સ્તનપાન કેટલી વખત કરાવવું, માતાની સ્થિતિ, બાળકની સ્થિતિ વગેરેની IYCF (Infant and young child feeding)ની માર્ગદર્શિકા મુજબ સમજણ આપવામાં આવી હતી. ગૃહ મુલાકાતમાં લાભાર્થીઓને એનિમિયા, એનિમિયાના ચક્ર અને આયર્ન ફોલિકની ગોળીઓનું સેવન કરવા સમજાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ગામની કિશોરીઓને ગામના જાહેર આરોગ્ય કેન્દ્રની મુલાકાત કરાવવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રમાં માતાની હાજરીમાં બાળકનું વજન અને ઊંચાઈ કરવામાં આવ્યાં હતાં.


# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. સહકર્મચારીઓ સાથે કામ પાર પાડતી વખતે કુનેહની જરૂર પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કામ માં વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે. દરેક કાર્ય ને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે, જો તમે આ કરો છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો.

**સિંહ (મ,ટ) :**
આજે તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રેશરના દરદીઓ. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

**તુલા (ર,ત) :**
આજે તમારો બગડેલો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કોઈ ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. અદ્યતન ટેક્નોલૉજી તથા હુન્નર શીખવામાં તમારી મદદ કરે તેવા ટૂંકા-ગાળાના પ્રોગ્રામમાં સહભાગી થાવ.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**મકર (ખ,જ) :**
વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. ધનનું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. સંતોષકારક પરિણામો મેળવવા માટે ચીજોનું આયોજન સારી રીતે કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. આજે કુટુંબની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં.

# નિષ્કર્ષ પર પહોંચેલા કેસ ફરી ખોલવાથી ન્યાયતંત્રમાં અરાજકતા ફેલાશે : સુપ્રીમ

**ખંડપીઠે જણાવ્યું હતું કે એ સ્પષ્ટ છે કે હાલની રિટ પિટિશન સંપૂર્ણપણે ખોટી રીતે રજૂ કરાઈ છે અને તે ફગાવી દેવાને લાયક છે**



। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

સુપ્રીમ કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે કેસનો અંતિમ નિર્ણય એ મજબૂત ન્યાય પ્રણાલીનું મુખ્ય પાસું છે અને જે કેસનો નિષ્કર્ષ આવી ગયો છે, તેને ફરીથી ખોલી શકાય નહીં. જો આવી પરવાનગી આપવામાં આવે તો ન્યાયતંત્રમાં અરાજકતા ઊભી થશે.ન્યાયાધીશ સૂર્યકાંત, દીપાંકર દત્તા અને ઉજ્જલ ભુયાનની બનેલી ખંડપીઠે હિમાચલપ્રદેશના વન વિકાસ નિગમના ભૂતપૂર્વ કર્મચારીઓએ દાખલ કરેલી રીટ પિટિશનને ફગાવી દીધી હતી. ૨૦૧૬ માં અલગ કેસમાં આ મુદ્દાનો નિકાલ આવ્યો હોવા છતાં કર્મચારીઓ પેન્શનના લાભો માટે આ રિટ પિટિશન કરી હતી.ખંડપીઠે જણાવ્યું હતું કે એ સ્પષ્ટ છે કે હાલની રિટ પિટિશન સંપૂર્ણપણે ખોટી રીતે રજૂ કરાઈ છે અને તે ફગાવી દેવાને લાયક છે. જોકે તેને ફગાવી દેતા પહેલા અમે ન્યાયપ્રક્રિયાની નિર્ણાયકતાના સિદ્ધાંત પર ભાર મૂકીને તેને દોહરાવવા માગીએ છીએ. કોઈ કેસનો અંતિમ નિર્ણય મજબૂત ન્યાય પ્રણાલીનું મુખ્ય પાસું છે. જે પિટિશનની સુનાવણી પૂરી થઈ ગઈ છે અથવા અંતિમ નિષ્કર્ષ આવી ગયો છે તેને ફરીથી ખોલી શકાય નહીં. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે સ્પેશ્યલ લીવ પિટિશનમાં આ કોર્ટના નિર્ણયથી નારાજ અરજદાર રિવ્યૂ પિટિશન અને તે પછી ક્યુરેટિવ પિટિશન દ્વારા નિર્ણયની ન્યાયિક સમીક્ષા માગી શકે છે. પરંતુ ભારતના બંધારણની કલમ ૩૨ હેઠળ રિટ પિટિશનમાં કોર્ટના નિર્ણયને પડકારી શકાતો નથી. જો આવી પરવાનગી આપવામાં આવે તો કોઈ અંતિમતા રહેશે નહીં અને લિટિગેશનનો કોઈ અંત આવશે નહીં અને ન્યાયતંત્રમાં અરાજકતા ફેલાશે.૨૦૧૯માં હિમાચલના વન નિગમના ત્રણ ભૂતપૂર્વ કર્મચારીઓએ કલમ ૩૨ હેઠળ સર્વોચ્ચ અદાલતમાં રિટ પિટિશન કરી હતી. આ કર્મચારીઓને હિમાચલ પ્રદેશ કોર્પોરેટ સેક્ટર કર્મચારી યોજના, ૧૯૯૯ હેઠળ પેન્શનના લાભો મળ્યાં ન હતા અને તેનાથી નારાજ હતાં.

## ન્યુઝ બોક્ષ

### મરજીથી લગ્ન કર્યા હોય એટલે પોલીસ સુરક્ષાનો અધિકાર મળતો નથીઃ હાઈકોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

પોતાની મરજીથી લગ્ન કર્યા પછી કોર્ટમાં જઈને સુરક્ષા માંગનાર યુગલો માટે અલ્હાબાદ હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું છે કે, ફક્ત પોતાની મરજીથી લગ્ન કરનાર યુગલોને સુરક્ષાની માંગ કરવાનો કોઈ કાયદાકિય અધિકાર મળતો નથી. હા, જો તેમની સાથે દુર્વ્યવહાર કે મારપીટ થાય છે કોર્ટ કે પોલીસ તેમના બચાવમાં આવશે. આમ, અલ્હાબાદ હાઈકોર્ટની આ ટિપ્પણી આવા મામલાઓમાં ખૂબ મહત્વની બની જાય છે.અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ સૌરભ શ્રીવાસ્તવે શ્રેયા કેસરવાની તથા અન્યની અરજીનો નિકાલ કરીને ચુકાદો આપતી વખતે કહ્યું કે, પોતાની મરજીથી લગ્ન કરનારા યુગલોએ એકબીજાની સાથે ઊભા રહીને સમાજનો સામનો કરવો જોઈએ. આ સાથે હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના હવાલાથી કહ્યું કે, કોર્ટ આવા યુવાનોને સુરક્ષા આપવા માટે બની નથી, જેમણે પોતાની મરજીથી લગ્ન કર્યા હોય. સુરક્ષાની માંગ કરવા માટે હકીકતમાં ખતરો હોવો પણ જોઈએ. હાઈકોર્ટે આ મામલામાં આગળ પોલીસને આદેશ આપીને કહ્યું કે અરજદારોએ એસપી ચિત્રકૂટને અરજી આપી છે, એટલે પોલીસ હકીકતમાં ખતરાની સ્થિતિનું મૂલ્યાંકન કરીને કાયદા પ્રમાણે જરુરી પગલાં ભરે. જોકે, હાઈકોર્ટે એમ પણ કહ્યું કે, અરજીમાં રજૂ કરેલાં તથ્યોમાં કોઈ ખતરા જણાતો નથી.

### આરોગ્ય માટે જોખમી ૩૫ દવાના ઉત્પાદન, વેચાણ પર પ્રતિબંધનો આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દેશની સર્વોચ્ચ દવા નિયમનકારી સંસ્થા CDSCOએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પેઈનકિલર્સ, ન્યુટ્રીશન સપ્લિમેન્ટ્સ અને ડાયાબિટીસ વિરોધી દવાઓ સહિત માન્યતા ન ધરાવતી ૩૫ ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશન દવાનું ઉત્પાદન, વેચાણ અને વિતરણ બંધ કરવાનો આદેશ આપ્યો છે.તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ડ્રગ્ર કંટ્રોલર્સને આવી ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન દવા (FDC)ને માન્યતા આપવાની પ્રક્રિયાની સમીક્ષા કરવા માટે પણ આદેશ અપાયો છે. આવી માન્યતામાં ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૧૯૪૦ અને નિયમોની જોગવાઈનું કડક પાલન કરવાની પણ તાકીદ કરાઈ છે. FDC દવાઓ એવી હોય છે કે જેમાં બે કે તેથી વધુ એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ (API)નું નિશ્ચિત પ્રમાણમાં મિશ્રણ હોય છે.ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) ડૉ. રાજીવ રઘુવંશીએ ૧૧ એપ્રિલે એક પત્ર પાઠવીને આ આદેશ આપ્યો હતો. આ પત્રમાં DCGIની યોગ્ય મંજૂરી વિના દેશમાં નવી દવાની વ્યાખ્યા હેઠળ આવતી FDC દવાઓના વેચાણ માટેના ઉત્પાદન લાઈસન્સ આપવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

### UAEમાં હિન્દુઓને ધર્મનું પાલન કરવાનો અધિકાર મળ્યો

। (એજન્સી) રિયાદ, તા.૧૭ ।

યુએઈમાં પર્સનલ સ્ટેટ્સ લૉમાં અનેક ફેરફારો કરવામાં આવ્યા છે. જે ૧૫ એપ્રિલથી લાગુ થયા છે. જેમાં હિન્દુઓ સહિત નોન મુસ્લિમને હક આપવામાં આવ્યો છે. તેમજ લગ્ન-સંપત્તિ જેવા પર્સનલ લૉમાં અનેક પ્રકારના સુધારા કરવામાં આવ્યા છે. લગ્ન, છૂટાછેડા, વારસાઈ, અને બાળકોની કસ્ટડી જેવા કિસ્સામાં નોન-મુસ્લિમ ઈમિગ્રન્ટ્સ અને સ્થાનિક નાગરિકોને રાહત તથા સમાનતા આપવામાં આવી છે. વધુમાં મહિલાઓના અધિકારોમાં પણ વધારો કરવામાં આવ્યો છે. હિન્દુ, ખ્રિસ્તી અને અન્ય નોન-મુસ્લિમો જે યુએઈએમાં વસે છે. તેઓને પોતાની પરંપરાઓ અને માન્યતાઓની સાથે રહેવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. યુએઈમાં પર્સનલ સ્ટેટ્સ લૉમાં કરવામાં આવેલા સુધારાઓ ત્યાંના પ્રત્યેક નાગરિક અને રહેવાસી પણ લાગુ થાય છે. પરંતુ નવા કાયદામાં હિન્દુઓ અને ખ્રિસ્તીઓ સહિત નોન-મુસ્લિમ લોકોને અમુક છૂટ આપવામાં આવી છે કે, તેઓ પોતાના દેશા કાયદા અને પોતાની માન્યતા-પરંપરા મુજબ અન્ય વિકલ્પ પસંદ કરી શકે છે. યુએઈમાં નાગરિકઃ આ કાયદો યુએઈના તમામ નાગરિકો પર લાગુ થાય છે. જો કોઈ પણ આંતર-ધર્મ લગ્ન થાય છે, અર્થાત યુએઈના પુરુષના કોઈ અન્ય ધર્મની મહિલા સાથે લગ્ન થાય છે.

**બીજા ગ્રુપ સાથે ઝઘડા બાદ ક્રિશની ધરપકડ થઈ**

# ફેડરલ કોર્ટેનો ટ્રમ્પને ઝાટકો, ભારતીય વિદ્યાર્થીના ડિપોર્ટેશન પર રોક લગાવી

**આ અંગે મેડિસનના એક વકીલે ક્રિશ વતી કોર્ટમાં પ્રતિબંધના આદેશ માટે અપીલ દાખલ કરી હતી**

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૧૭ ।

ફેડરલ કોર્ટે ટ્રમ્પ પ્રશાસનને મોટો ઝટકો આપ્યો છે. ફેડરલ જજે ૧ વર્ષીય ભારતીય વિદ્યાર્થીના વિઝા રદ કરવા અને દેશનિકાલ પર હાલ પુરતી રોક લગાવી દીધી છે. કોર્ટે ગૃહ સુરક્ષા વિભાગને આ આદેશનો અમલ કરવાનો આદેશ આપ્યો છે. અહેવાલો અનુસાર વિસ્કોન્સિન-મેડિસન યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થી ક્રિશ લાલ ઈસ્સરદાસાનીનો સ્ટુડન્ટ વિઝા ૪ એપ્રિલના રોજ રદ કરવામાં આવ્યો હતો. કોર્ટના દસ્તાવેજોમાં જણાવાયું છે કે, ફાઈનલ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા ઈસ્સરદાસાનીને ૧૦મે ૨૦૨૫ના ગેજ્યુએશનની ડિગ્રી પ્રાપ્ત થવાની હતી.૨૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ જ્યારે ઈસ્સરદાસાની તેના મિત્રો સાથે બહાર જઈ રહ્યા હતો ત્યારે તેનો




બીજા ગ્રુપ સાથે ઝઘડો થયો હતો. આ પછી તેની ધરપકડ કરવામાં આવી હતી. જો કે, બાદમાં તેને છોડી દેવામાં આવ્યો હતો. આ પછી વિઝા રદ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગે મેડિસનના એક વકીલે ક્રિશ વતી કોર્ટમાં પ્રતિબંધના આદેશ માટે અપીલ દાખલ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન વિસ્કોન્સિનના ન્યાયાધીશ વિલિયમ કોનલીએ આદેશ આપ્યો હતો કે, ઈસ્સરદાસાનીને કોઈપણ ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યા નથી. કેસની આગામી સુનાવણી ૨૮ એપ્રિલે નક્કી કરવામાં આવી છે. અમેરિકાના મિશિગન રાજ્યમાં એક ભારતીય સહિત ૪ વિદ્યાર્થીઓએ તેમના સ્ટુડન્ટ વિઝા (F-1 સ્ટેટસ) અચાનક નોટિસ વિના રદ કરવા સામે ફેડરલ કોર્ટમાં દાવો દાખલ કર્યો છે. જેમાં ભારતના ચિન્મય દેવરે, ચીનના બે વિદ્યાર્થીઓ, જિયાંગ્યુન બુ અને ક્વિ યાંગ અને નેપાળના યોગેશ જોશીનો સમાવેશ થાય છે. આ તમામ વિદ્યાર્થીઓએ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DSS) અને ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટ (ICE) સામે આ કેસ દાખલ કર્યો છે. તેમનું કહેવું છે કે SEVIS સિસ્ટમમાં યોગ્ય સૂચના અને કારણ વિના તેમનો વિઝા સ્ટેટસ ગેરકાયદેસર રીતે રદ કરવામાં આવ્યો હતો.

**રાષ્ટ્રપતિ ટ્રમ્પ 'સારા' ગેરકાયદે પ્રવાસીઓ સામે આકરું વલણ નહીં અપનાવે**

# મરજીથી અમેરિકા છોડનારાઓને ટ્રમ્પની એર ટિકિટ, સ્ટાઈપેન્ડ આપવાની ઓફર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બીજીવાર શપથ લેતા જ ગેરકાયદે પ્રવાસીઓને અમેરિકામાંથી કાઢી મૂકવા માટે આકરાં નિર્ણયો લીધા છે. જોકે, હવે ટ્રમ્પ ગેરકાયદે પ્રવાસીઓ પર નરમ વલણ અપનાવીને એક મહત્વની જાહેરાત કરી છે. તાજેતરમાં 'અમેરિકા છોડો અભિયાન' અંતર્ગત ગેરકાયદે રહેતા લોકો સ્વેચ્છાએ અમેરિકા છોડશે તો તેમના માટે સરકાર સ્ટાઈપેન્ડ, વિમાન ટિકિટ અને આર્થિક સહાય પણ આપશે. અમેરિકાની સરકાર જલદી જ ગેરકાયદે પ્રવાસીઓને પોતાની મરજીથી અમેરિકા છોડવા માટે પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે એક નવી યોજના શરુ કરશે. એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે, તેમની સરકાર સેલ્ફ ડિપોર્ટ માટે તૈયાર લોકોને વિમાન યાત્રાની ટિકિટનો ખર્ચ, સ્ટાઈપેન્ડ અને અન્ય નાણાકીય સહાય આપશે. આ દરમિયાન ટ્રમ્પ સરકાર પ્રવાસીઓને સેલ્ફ ડિપોર્ટ કરવા માટે પ્રેરિત કરી રહી છે અને આ પ્રક્રિયાને સુવિધાજનક બનાવવા માટે એક એપ પણ લોન્ચ કર્યું છે. આ એપ દસ્તાવેજ વગરના પ્રવાસીઓને પોતાની મરજીથી દેશ છોડવાના



પોતાના ઈરાદાની જાહેરાત કરવાનો મોકો આપે છે. ત્યાર પછી આગળની પ્રક્રિયા શરુ થાય છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના કહેવા મુજબ આ યોજનાનો ઉદ્દેશ્ય ગંભીર ગુનાહિત રેકોર્ડ ધરાવતા વ્યક્તિઓને ડિપોર્ટ કરવા પર ધ્યાન આપવાનો છે. ટ્રમ્પે ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, અમે સ્ટાઈપેન્ડ આપીશું. કેટલાક પૈસા અને હવાઈ ટિકિટ પણ આપીશું. પછી એ ગેરકાયદે પ્રવાસીઓ સારા છે અને જો એ પરત(અમેરિકા) આવવા ઈચ્છે છે તો અમે જલદીથી જલદી પરત લાવવા માટે કામ કરીશુ.




મધ્યપ્રદેશના નીમચમાં CRPF દિવસ પરેડ સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતાં.

# ટ્રમ્પની ધમકીઓથી ઘબરાયેલા ખામેનેઈને ભારતની યાદ આવી

। (એજન્સી) કાબુલ, તા.૧૭ ।

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ બોમ્બથી વૈશ્વિક વ્યવસ્થાને ખોરવી નાખી છે. વિશ્વના ઘણા દેશો પહેલાથી જ અમેરિકન ટેરિફની સંભવિત અસરથી ચિંતિત છે. ત્યારે અમેરિકા સિવાય તેમનું ધ્યાન હવે વિશ્વની અન્ય આર્થિક શક્તિઓ જેમ કે ચીન, રશિયા અને ભારત પર છે. જેમાં ઈરાન પણ આવો જ ડર અનુભવી રહ્યુ છે અને હવે તે ભારત સાથે વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવાની હિમાયત કરી રહ્યો છે. રેસિપ્રોકલ ટેરિફના ભયથી હેરાન ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીએ હવે ભારત, ચીન અને રશિયા જેવી આર્થિક શક્તિઓ સાથે વેપાર સંબંધો વિસ્તારવાની વાત કરી છે. ખામેનીએ કહ્યું છે કે, 'ઈરાને એશિયાના આર્થિક કેન્દ્રના દેશો સાથે વેપાર સંબંધો વધારવા જોઈએ અને આમાં પડોશી દેશોને પ્રાથમિકતા આપવી જોઈએ.' સુપ્રીમ લીડર ખામેનીનું આ નિવેદન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફની જાહેરાત કર્યાના થોડા દિવસો બાદ આવ્યું છે. જોકે, ટ્રમ્પે હાલમાં આ ટેરિફને ૯૦ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.

**ફાઈનાન્સ એક્ટ ૨૦૧૭ની જોગવાઈના અપૂરતા અમલથી સુપ્રીમ ચિંતિત**

# રૂ.૨ લાખથી વધુની રોકડનો વિવાદ હોય તો કોર્ટે ઈનકમ ટેક્સને જાણ કરવીઃ સુપ્રીમ

**જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર. માધવનની બેન્ચે સમક્ષ સંપત્તિને લગતા વિવાદની સુનાવણી થઈ હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

રૂ.૨ લાખ કે તેથી વધુ રોકડ વ્યવહાર પર પ્રતિબંધ હોવા છતાં આ કાયદાના અપૂરતા અમલ બાબતે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. ફાઈનાન્સ એક્ટ ૨૦૧૭ અન્વયે રૂ.૨ લાખથી વધુના રોકડ વ્યવહાર પર પ્રતિબંધ મૂકાયેલો હોવા છતાં સંપત્તિને લગતાં અનેક સોદામાં મોટા પાયે રોકડ વ્યવહારો થતા હોય છે. આ પ્રકારના વ્યવહારોને લગતા વિવાદ કોર્ટ સમક્ષ આવે ત્યારે ઈનકમ ટેક્સ વિભાગને જાણ કરવા સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર. માધવનની બેન્ચે સમક્ષ સંપત્તિને લગતા વિવાદની સુનાવણી થઈ હતી. આ કેસમાં ૧૦ એપ્રિલ, ૨૦૧૮ના રોજ સંપત્તિની માલિકી માટે રૂ.૭૫ લાખ રોકડા અપાયા હતા.સુપ્રીમે ઠરાવ્યુ હતું કે, આ પ્રકારના લિટિગેશન્સ શંકા ઊભી કરવાની સાથે કાયદાનો ભંગ પણ દર્શાવે છે. જેથી રૂ. બે લાખ કે તેથી



વધુના રોકડ વ્યવહારના કેસ દાખલ થાય તો કોર્ટે ઈનકમ ટેક્સને જાણ કરવી જોઈએ. આવા વ્યવહારી સત્યતા તથા ઈનકમ ટેક્સ એક્ટના ભંગની ખરાઈ ઈનકમ ટેક્સ વિભાગ કરશે. ૧ એપ્રિલ, ૨૦૧૭થી ઈનકમ ટેક્સ એક્ટ અમલી બન્યો છે, પરંતુ તેનો પૂરતો અમલ થતો નથી. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા હતા કે, સંપત્તિના રજિસ્ટ્રેશન સમયે રૂ.બે લાખ કે તેથી વધુ રોકડ વ્યવહાર થયા હોવાનું દસ્તાવેજો પરથી જણાય તો આવી સંપત્તિ બાબતે સબ-રજિસ્ટ્રારે ઈનકમ ટેક્સ વિભાગને જાણ કરવી. આ પ્રકારના કિસ્સા ઈનકમ ટેક્સ વિભાગના ધ્યાનમાં આવે અને રજિસ્ટ્રેશન કરનારા અધિકારીએ જાણ ન કરી હોય તો રાજ્યના મુખ્ય સચિવના ધ્યાને લાવવું જોઈએ, જેથી સંબંધિત અધિકારી સામે શિસ્તભંગના પગલાં લઈ શકાય.

**ઘણી વાર આપણે કરેલી ભૂલ આપણે ન જ ભારી પડી જતી હોય છે**

# પરિવારથી બેંગકોકની યાત્રા છુપાવવા માટે પાસપોર્ટનાં પાનાં ફાડી નાખ્યાં

। (એજન્સી) પુણે, તા.૧૭ ।

ઘણી વાર આપણે કરેલી ભૂલ આપણે ન જ ભારી પડી જતી હોય છે. મુંબઈ એરપોર્ટ પર પણ એવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક આધેડ વયના વ્યક્તિએ પોતાના પાસપોર્ટના કેટલાક પાના ફાડી નાખ્યા હતા. જો કે, આવું કરવાનું તેમને ખરેખર ભારી પડી ગયું છે. ઈમિગ્રેશન અધિકારીઓ તપાસ કરતા પાસપોર્ટના પાના ગાયબ હોવાથી આધેડની પૂછપરછ કરતા આખો ભાંડો ફૂટ્યો હતો. ઘટનાની વિગતો એવી છે કે, છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓએ એક આધેડ વયના વ્યક્તિની ધરપકડ કરી છે. તેમના પર આરોપ છે કે, તેમણે ઈરાદાપૂર્વક પોતાના પાસપોર્ટના કેટલાક પાના ફાડી નાખ્યા હતા. આનું કારણ તેમની બેંગકોક યાત્રા હોવાનું કહેવાય છે. મામલો સામે આવ્યા બાદ ઈમિગ્રેશન અધિકારીઓએ આરોપી સામે તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત FIR દાખલ કરીને પરિવારને જાણ કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર પુણેમાં રહેતા ૫૧ વર્ષીય સામે મુંબઈ પોલીસે ઈમિગ્રેશન




અધિકારીઓ સાથે છેતરપિંડી કરવાના આરોપમાં કેસ નોંધાયો છે. ઈમિગ્રેશન અધિકારી રાજીવ રંજન કુમારે જણાવ્યું હતું કે, મુસાફર કાઉન્ટર પર આવ્યો ત્યારે ઘણી અનિયમિતતાઓ જોવા મળી હતી. પાસપોર્ટ અને બોર્ડિંગ પાસ બતાવતાં જાણવા મળ્યું હતું કે, મુસાફર ઈન્ડોનેશિયાથી વિયેતનામ થઈને પાછો ફર્યો હતો. અધિકારીઓએ મુસાફરની વધુ પૂછપરછ કરતા તેણે પાસપોર્ટના કેટલાક પાના ફાડી નાખ્યાની કબૂલાત કરી હતી. આધેડે લગભગ એક વર્ષ પહેલા બેંગકોકની પોતાની યાત્રા પરિવારથી છુપાવવા માટે આવું કર્યું હતું. આરોપી વિરુદ્ધ બીએનએસની કલમ ૩૧૮(૪) અને પાસપોર્ટ એક્ટની કલમ ૧૨ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

**વ્યાયામ શિક્ષકોની મુખ્યમંત્રી સાથે બેઠક યોજાઈ**

**આગામી સમયમાં ભરતી પ્રક્રિયાને લઈને બે-ત્રણ બેઠકો યોજાશે, જેમાં છેલ્લા ૧૫ વર્ષથી ભરતી નથી, ત્યારે કઈ રીતે ભરતી હાથ ધરવી તેને લઈને નિર્ણય લેવાશે**

# વ્યાયામ શિક્ષકોએ આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લીધો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ ।

ગાંધીનગરમાં છેલ્લા એક મહિનાથી વ્યાયામ શિક્ષકો કાયમી ભરતીની માગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ત્યારે વ્યાયામ શિક્ષકોની માગોને લઈને સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. આજે ગુરુવારે (૧૭ એપ્રિલ, ૨૦૨૫) આંદોલનકારી વ્યાયામ શિક્ષકોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને મુખ્યમંત્રીએ કમિટીને આદેશ કર્યા છે. આ દરમિયાન જ્યાં સુધી ભરતીને લઈને સત્તાવાર જાહેરાત કરવામાં નહી આવે ત્યાં સુધી વ્યાયામ શિક્ષકોએ આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.



ગુજરાત સમાચાર ડિઝિટલ સાથે વાત કરતાં વ્યાયામ વીરે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં છેલ્લા ૩૨ દિવસથી વ્યાયામ શિક્ષકોનું આંદોલન ચાલી રહ્યું છે, ત્યારે આજે ગુરુવારે વ્યાયામ શિક્ષકોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં શિક્ષણ વિભાગના સચિવ સહિતના અધિકારી અને મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને મુખ્યમંત્રીએ કમિટીને આદેશ કર્યા છે. ટૂંક સમયમાં ભરતીની જાહેરાત કરાશે. આગામી સમયમાં ભરતી પ્રક્રિયાને લઈને બે-ત્રણ બેઠકો યોજાશે. જેમાં છેલ્લા ૧૫ વર્ષથી ભરતી નથી, ત્યારે કઈ રીતે ભરતી હાથ ધરવી તેને લઈને નિર્ણય લેવાશે. રાજ્યભરમાંથી વ્યાયામ શિક્ષકો ગાંધીનગરમાં આંદોલન પર ઉતર્યા હતા, ત્યારે રાજ્યમાં વ્યાયામ શિક્ષકની કાયમી ભરતીની માગને લઈને આજે ગુરુવારે મુખ્યમંત્રીની સાથે વ્યાયામ શિક્ષકોની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વ્યાયામ વીરોની કાયમી ભરતીને લઈને મુખ્યમંત્રીએ આદેશ કર્યા છે, ત્યારે ૩૨ દિવસ બાદ આંદોલન સ્થગિત કરવાનો વ્યાયામ શિક્ષકોએ નિર્ણય કર્યો છે. વ્યાયામ શિક્ષકોનું કહેવું છે કે, મુખ્યમંત્રી ભરતીને લઈને હકારાત્મક પ્રતિક્રિયા આપી છે. આમ જ્યા સુધી કાયમી ભરતીની જાહેરાત કરવામાં નહી આવે ત્યા સુધી આંદોલન સ્થગિત રહેશે.ગાંધીનગરમાં એક મહિના પહેલા આંદોલનમાં ઉતર્યા બાદ વ્યાયામ વીરોએ પોતાની માંગને રજૂ કરવા માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો. કાળઝાળ ગરમીમાં મહિલાઓ સહિત આંદોલન કરી રહેલા વ્યાયામ વીરોની પોલીસ દ્વારા કરાયેલી અટકાયતમાં જોવા મળેલા દ્રશ્યોએ લોકોને હચમચાવી દીધા હતા. છેલ્લા એક મહિનામાં અનેક વખત પોલીસ દ્વારા આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવી પરંતુ પોતાની માંગણીને લઈને વ્યાયામ વીરો અડગ રહ્યા. અંતે મુખ્યમંત્રી સાથે બેઠક યોજાઈ અને વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને હકારાત્મક નિર્ણય લેવાશે તેવી આશા બંધાઈ છે. ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ૫૦૦થી વધુ વ્યાયામ વીરો ૧૧ મહિનાના કરાર આધારીત ખેલ સહાયકની ભરતી બંધ કરવા અને કાયમી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી માગ સાથે આંદોલન ચાલ્યું. ગાંધીનગર ખાતે વ્યાયામ વીરો શાંતિપૂર્ણ રીતે વિરોધ નોંધાવતી વખતે વ્યાયામ વીરોએ ્ના દાવ કરીને વિરોધ નોંધાવ્યો હતો. જેમાં ખેલ સહાયકોએ કરાર પ્રથા બંધ કરો, વ્યાયામ શિક્ષકોની ભરતી કરો, હમારી માગે પૂરી કરો...ના નારા લગાવીને કસરત અને PTના દાવ કરતાં જોવા મળ્યા હતા.

## મહાનગર અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ડો. ભીમરાવ આંબેડકર સન્માન સભાનું આયોજન કરવામાં આવ્યું

। અમદાવાદ, તા.૧૭ ।

મહાનગર અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ડૉ.ભીમરાવ આંબેડકર સન્માન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સન્માન સભાના મુખ્ય વક્તા અને વેજલપુર વિધાનસભાના ધારાસભ્ય અમિતભાઈ ઠાકરે સૌને સંબોધતા જણાવ્યું હતું કે, ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આ પ્રકારે ‘‘સન્માન સભા’’નું આયોજન થવા જઈ રહ્યું છે. કોંગ્રેસે ડૉ.બાબા સાહેબ આંબેડકરજીને હંમેશા અન્યાય કર્યો હતો.

આંબેડકરજી એ ફક્ત કોઈ એક સમાજ નહીં પરંતુ દરેક સમાજ માટે તેમજ દરેક ધર્મના લોકો માટે સંઘર્ષ કર્યો હતો. પાકિસ્તાન કરતાં ભારત દેશનું બંધારણ મજબૂત છે તેની પાછળ કોઈને શ્રેય જાય છે તો તે ફક્ત ડૉ. બાબાસાહેબ આંબેડકરજી છે. પંડિત જવાહરલાલ નહેરુને હંમેશા થી ડૉ.બાબાસાહેબ આંબેડકરજી ખટકતા હતા. ૧૯૫૧માં ડૉ.આંબેડકરજી દ્વારા જવાહરલાલ નહેરુની સરકાર માંથી રાજીનામું આપ્યા બાદ ૧૯૫૨માં ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની સામે કોંગ્રેસ દ્વારા નારાયણ સદોબા કજરોલકરને ટીકીટ આપી ચુંટણી લડાવી હતી અને ડૉ.આંબેડકરજીને હરાવવા માટે એડી ચોટીનું જોર કોંગ્રેસ દ્વારા લગાવવામાં આવ્યું હતું.’’





અમિતભાઈ ઠાકરે વધુમાં જણાવ્યું હતું કે, ડૉ. બાબા સાહેબ આંબેડકરજીના અપમાનની સાથે સાથે કોંગ્રેસે તેમના દ્વારા રચિત ભારતીય બંધારણનું પણ વારંવાર અપમાન કર્યું છે. સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીજીએ પોતાની ખુરશી બચાવવા માટે દેશ માં ૧૯૭૫ માં કટોકટી લાદીને બંધારણીય સ્વતંત્રતાનું ચીરહરણ કર્યું હતું. આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરજી અને તેમના દ્વારા બનાવેલ બંધારણનું નતમસ્તક થઈ સન્માન કરે છે. મુંબઈમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ૪૫૦ ફૂટની પ્રતિમાં (સ્ટેચ્યુ ઓફ ઈક્વાલીટી) બનવાનું કામ ચાલી રહ્યું છે. જેનો વિરોધ પણ કોંગ્રેસ પાર્ટી એ જ કર્યો હતો. આમ દેશની આઝાદીથી આજ દિન સુધી કોંગ્રેસ પાર્ટી દ્વારા વારંવાર ડૉ.આંબેડકરજીનું અપમાન કરવામાં આવ્યું છે, સંવિધાનનું અપમાન કરવામાં આવ્યું છે. જ્યારે ભારતીય જનતા પાર્ટીએ અને પ્રધાનમંત્રીશ્રી દ્વારા હંમેશા સંવિધાનને વંદન કરી ડૉ.આંબેડકરજીને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

## મોર્ગન સ્ટેનલીએ અદાણી પોર્ટ્સનો ટાર્ગેટ પ્રાઈઝ વધાર્યો, વૃદ્ધિની સંભાવનાઓને ટેકો

### APSEZનું વોલ્યુમ ૧૩% વધીને ૫૧૦ મિલિયન ટન થવાનો અંદાજ

। અમદાવાદ, તા.૧૭ ।

ભારતમાં સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમાક ઝોન લિમિટેડ (APSEZ) ના ટાર્ગેટ પ્રાઈઝમાં વધારો થયો છે. મોર્ગન સ્ટેનલીએ અદાણી પોર્ટ્સ માટેનો લક્ષ્ય ભાવ રૂ. ૧૪૧૫ થી વધારીને રૂ. ૧૪૧૮ કર્યો છે. મોર્ગન સ્ટેનલીએ કંપનીના સ્થિતિસ્થાપક બિઝનેસ મોડેલ અને વૈવિધ્યસભર કાર્ગો અને ભૌગોલિક મિશ્રણને ધ્યાને રાખી લક્ષ્યાંક ભાવમાં વધારો કર્યો છે.



બ્રોકરેજ ફર્મે APSEZ પર ‘‘ઓવરવેઈટ’’ રેટિંગ જાળવી રાખ્યું છે. તે કાર્ગો વોલ્યુમ્સમાં સંકલિત બિઝનેસ મોડેલનો લાભ લેવાના કંપનીના વ્યૂહાત્મક અભિગમને પ્રતિબિંબિત કરે છે.

વૈવિધ્યસભર કાર્ગો મિશ્રણ ધરાવતા APSEZ નું બિઝનેસ મોડેલને ફ્લેક્સીબલ છે. તેનું યુએસમાં એક્સપોઝર પણ મર્યાદિત છે. એટલે કે કુલ કાર્ગોના ૫% કરતા ઓછું છે. મોર્ગન સ્ટેનલીના અંદાજ મુજબ, નાણાકીય વર્ષ ૨૬ માં APSEZ વોલ્યુમ ૧૩% વધીને ૫૧૦ મિલિયન ટન થશે. વિઝિંગમ પોર્ટ, WCT, ગોપાલપુર અને તાંઝાનિયા જેવા નવા પોર્ટસનો ઉમેરો થતા કાર્ગો વોલ્યુમની ક્ષમતામાં પણ વધારાને થવાનો અંદાજ છે.

બ્રોકરેજ કંપનીએ એમ પણ કહ્યું છે કે ભારતને અમેરિકા સાથે વેપાર કરાર કરવામાં થોડો સમય લાગી શકે છે, પરંતુ તે થવાની અપેક્ષા છે. જેનાથી ભારતને મધ્યમથી લાંબા ગાળે અમેરિકાના વેપારમાં હિસ્સો મેળવવામાં મદદ મળી શકે છે. વળી સ્થાનિક મુખ્ય સૂચકાંકો હકારાત્મક રહેવાથી APSEZ ની વૃદ્ધિની સંભાવનાઓને વધુ ટેકો મળી રહ્યો છે.

મોર્ગન સ્ટેનલીએ APSEZ નો ભાવ લક્ષ્યાંક રૂ. ૧૪૧૫ થી વધારીને રૂ. ૧૪૧૮ કર્યો છે, અને નાણાકીય વર્ષ ૨૦૨૬ અને નાણાકીય વર્ષ ૨૦૨૭ ના કમાણીના અંદાજમાં ૩% ઘટાડો કર્યો છે, કારણ કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માં વોલ્યુમમાં ઘટાડો થયો છે અને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે નરમાઈની અપેક્ષા છે. તો મૂલ્યાંકન છ મહિના વધારીને માર્ચ ૨૦૨૭ કરવામાં આવ્યું છે, જેમાં ઈક્વિટી અંદાજનો ખર્ચ ૧૩% થી ઘટાડીને ૧૨.૫% કરવામાં આવ્યો છે. જે જોખમ-મુક્ત દરમાં ૭% થી ૬.૫% સુધીનો વધારો દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોને માર્ચ ૨૦૨૫માં અત્યાર સુધીનો સૌથી વધુ કાર્ગોનું સંચાલન કર્યું છે. જેમાં મુખ્ય બંદર મુન્દ્રા પોર્ટે એક વર્ષમાં ૨૦૦.૭ મિલિયન મેટ્રિક ટન (MMT) કાર્ગોનું સંચાલન કરીને ઈતિહાસ રચ્યો હતો.

## ૧૯ એપ્રિલના રોજ સવારે ૮ થી ૧૨:૩૦ વાગ્યા સુધી મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-૧/ગિફ્ટ સિટી વચ્ચે મેટ્રો ટ્રેન સેવા સ્થગિત રહેશે

। અમદાવાદ, તા.૧૭ ।

હાલમાં, અમદાવાદ અને ગાંધીનગર (સેક્ટર-૧/ગિફ્ટ સિટી) વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ સવારે ૮ થી રાત્રિના ૮:૧૪ કલાક સુધી કાર્યરત છે. કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (CMRS) તા.૧૯ એપ્રિલના રોજ સવારે ૮ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી ગાંધીનગર રૂટ (મોટેરા સ્ટેડિયમથી સચિવાલય/ગિફ્ટ સિટી)નું નિરીક્ષણ કરશે. જેથી મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-૧/ગિફ્ટ સિટી વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ એટલા સમય સુધી સ્થગિત રહેશે. ત્યારબાદ, અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની બધી ટ્રેનો હાલના સમયપત્રક મુજબ દોડશે. તા.૧૯ એપ્રિલના રોજ પહેલી ટ્રેનનો પ્રસ્થાન સમય સેક્ટર-૧ થી મોટેરા સ્ટેડિયમનો ૧૨:૫૮ કલાકે રહેશે અને મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ નો સમય ૧૩:૧૨ કલાકનો રહેશે. અમદાવાદમાં ટ્રેન સેવાઓ (વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ અને APMC થી મોટેરા સ્ટેડિયમ) રાબેતા મુજબ જ રહેશે.

**રિક્ષામાં સવાર ૬ લોકોના મોત થયા**

## સમી-રાધનપુર હાઈવે પર એસટી બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત

**એસટી બસ-રિક્ષા વચ્ચે અકસ્માત હાઈવે મરણચીસોથી ગુંજી ઉઠ્યો : અકસ્માતમાં રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો**

। (એજન્સી) પાટણ, તા.૧૭ ।

રાજ્યમાં ફરી એકવાર અકસ્માતની મોટી ઘટના સામે આવી છે. પાટણના સમી- રાધનપુર હાઈવે પર અકસ્માત સર્જાયો છે. આ ગોજારા અકસ્માતમાં છ લોકોના મોત થયા છે. સામે આવેલી વિગતો અનુસાર એસટી બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા છ લોકોએ જીવ ગુમાવ્યો છે. એસટી બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત હાઈવે મરણચીસોથી ગુંજી ઉઠ્યો હતો. અકસ્માતમાં રિક્ષાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જેના કારણે મૃતદેહો અંદર જ ફસાઈ ગયા હતા. ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવામાં ક્રેઈનની મદદથી લેવામાં આવી હતી. તમામ મૃતકો રાધનપુરના વાદી વસાહતના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. આ અકસ્માત અંગે મળતી માહિતી પ્રમાણે સમીથી રાધનપુર ઘરે પરત ફરતી વખતે રિક્ષાનો એસટી સાથે અકસ્માત થયો હતો. એસટી બસના ચાલકે ઓવરટેઈકની લ્હાયમાં અકસ્માત સર્જ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તો બીજી તરફ રાધનપુરના ધારાસભ્ય લવીંગજી ઠાકોરે મૃતકના પરિવારને સહાય ચૂકવવા માગ કરી છે. મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય મળે પ્રયાસ કરવામાં આવશે તેમ ધારાસભ્યએ જણાવ્યું હતું. તો સરકાર બસ અંગે વાત કરીએ તો હિંમતનગરથી માતાના મઢ તરફ જતી એસટી બસે રિક્ષાને અડફેટે લીધી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી રિક્ષાનો બુકડો બોલી ગયો હતો. જ્યારે રિક્ષામાં સવાર ૬ લોકોના મોત થયા છે. સમીના ગોચનાદ નજીક આ અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં બસની ટક્કરથી રિક્ષામાં સવાર લોકો બસના આગળના ભાગમાં દબાઈ ગયા હતા. જ્યારે બસ રોડની બાજુમાં ખાડામાં જતી રહી હતી.

## એપ્રિલ મહિનામાં લેવાની પરીક્ષા માર્ચમાં લઈ લીધી

। (એજન્સી) સુરત, તા.૧૭ ।

સુરત વીર નર્મદ યુનિવર્સિટી દ્વારા બીએસસી માઈક્રોબાયોલોજી સેમ-૬ની પરિક્ષા ૨૭મી માર્ચના બદલે બીજી એપ્રિલે લેવાની હતી. પરંતુ અણીતા ગામ નજીક આવેલી વિદ્યાદીપ કોલેજના સંચાલકોએ છબરડો વાળીને ૨૭મી માર્ચે જ પરીક્ષા લઈ લીધી હતી. આ છબરડો યુનિવર્સિટીના ધ્યાને આવતા ફરીથી ૧૯મી એપ્રિલના રોજ પરીક્ષા લેવાનો નિર્ણય લીધો છે.વીર નર્મદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં હાલમાં પરીક્ષાઓ ચાલી રહી છે. આ દરમિયાન ૨૭મી માર્ચે સેન્ટ્રલ એલીજીબલ ટેસ્ટની પરીક્ષા હોવાથી વિદ્યાર્થીઓએ એવી માંગ કરી હતી કે, ૨૭મી માર્ચની પરીક્ષાની તારીખ લંબાવી આપવામાં આવે. વિદ્યાર્થીઓની માંગના પગલે યુનિવર્સિટીએ પરીક્ષા લંબાવીને બીજી એપ્રિલ કરી દીધી હતી. અંગે સત્તાવાર યુનિવર્સિટીની વેબસાઈટ પર પરિપત્ર પણ કરાયો હતો. આ પરિપત્ર છતા અણીતાની વિદ્યાદીપ કોલેજના સંચાલકોએ બીએસસી માઈક્રોબાયોલોજી સેમ-૬ની પરીક્ષા બીજી એપ્રિલના બદલે ૨૭મી માર્ચે જ લઈને ભારે છબરડો વાળ્યો હતો.

આ છબરડા અંગે તાજેતરમાં જ નર્મદ યુનિવર્સિટીના ધ્યાને આ વાત આવી હતી. આ અંગે નર્મદ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. એન. ચાવડાના જણાવ્યા અનુસાર, કોલેજના છબરડાના કારણે બીએસસી માઈક્રોબાયોલોજી સેમ-૬ની પરીક્ષા ફરીવાર લેવાશે. આગામી ૧૯મી એપ્રિલે તમામ કોલેજોમાં આ પરીક્ષા લેવાશે.

## ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલિસ સ્ટેશન વિસ્તારના પેથાપુરની જોહર ચોકડી પરથી પિસ્ટલ ચોકડી પરથી એક આરોપીને ઝડપી પાડતી એસ.ઓ.જી દાહોદ પોલિસ






તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

દાહોદ એસ.ઓ.જી શાખાના પો.ઈ એસ.જે.રાણાના માર્ગદર્શન હેઠળ પો.ઈ એન.એમ.રામી તથા પો.ઈ એમ.એમ.માળી એસ.ઓ.જી શાખાના કર્મચારીઓ સાથે હથિયારના કેસ શોધી કાઢવા માટે ચાકલીયા પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા ત્યારે એસ.ઓ.જી ના એ.એસ.આઈ જયેશ શાંતિલાલને બાતમી મળેલ હતી કે પેથાપુરા ત્રણ રસ્તા જોહાર ચોક ઉપર વગેલા ગામનો નીતેષ નિલેશ ડામોર પાસે ગેરકાયદેસર હથિયાર છે તે બાતમીના આધારે પોલિસ ત્યાં પહોંચી ત્યારે બાતમી વાળા ઈસમની તલાસી લેતા તેના કમરના ભાગે એક દેશી બનાવટની પિસ્ટલ મળી આવેલ હતી. પકડાયેલ ઈસમ સાથે વધુ પૂછપરછ કરતાં આ પિસ્ટલ કિશોર રામા ડોડીયાર થેરકા પાસે થી લાવેલ હોવાની માહિતી મળેલ હતી. પોલિસ દ્વારા હાલ એક આરોપીને ઝડપી પાડી દેસી બનાવટની પીસ્ટલ જેની અંદાજિત ૨૫૦૦૦ રૂપિયા કિંમતનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમદાવાદ એરપોર્ટ પરથી વધુ ૧૬.૪૪ લાખનું દાણચોરીનું સોનું ઝડપાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સોનાના ભાવ સતત વધતા જઈ રહ્યા છે ત્યારે ફરી એક વખત અમદાવાદ એરપોર્ટ પરથી સોનાની દાણચોરીનું પ્રમાણ પણ વધતું જઈ રહ્યું છે. અમદાવાદ એરપોર્ટ પર એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીએ કુવૈતથી આવેલા એક મુસાફર પાસેથી ૧૬૭.૧૦૦ ગ્રામ સોનું ઝડપી લીધું હતું. મુસાફરે બદામના પેકેટમાં સોનું છૂપાવ્યું હતું. રૂપિયા ૧૬.૪૩ લાખનું સોનું ડિપાર્ટમેન્ટ દ્વારા જપ્ત કરીને આ કેસની તપાસ કરવામાં આવી રહી છે. છેલ્લા અઠવાડિયામાં દાણચોરીના સોનાના ત્રણ કેસ કરવામાં આવ્યા છે.દાણચોરો માટે હોટ ફેવરિટ અમદાવાદ એરપોર્ટ પરથી દાણચોરીનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે જ એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીને માહિતી મળી હતી કે કુવૈતથી આવી રહેલી ફલાઈટ નં ૬ઈ- ૧૨૪૪માં એક મુસાફર દાણચોરીનું સોનું લઈને આવી રહ્યો છે. ફલાઈટ લેન્ડ થતાંની સાથે જ બાતમીવાળા મુસાફરને અલગ તારવવામાં આવ્યો હતો.

## અસામાજિક તત્વોએ જાહેરમાં યુવકનું અપહરણ કરતા ચકચાર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

રાજ્યમાં વધતા જતા અસામાજિક તત્ત્વોના ત્રાસને ઓછો કરવા અને કાબૂમાં કરવા માટે ગુજરાતની પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આમ છતાં પોલીસ અસામાજિક તત્ત્વો પર લગામ કસવામાં નિષ્ફળ નીવડી છે. અમદાવાદ રખિયાલમાં એક વ્યક્તિના અપહરણની ઘટના સામે આવી છે. ૪ શખ્સોએ સાથે મળીને એક વ્યક્તિનુ અપહરણ કર્યુ. અપહરણકારોએ ચાકુ અને બેઝ બોલનો દંડો દેખાડીને અપહરણની ઘટનાને અંજામ આપ્યો. આ મામલે રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. થોડા મહિના અગાઉ જ રખિયાલમાં અસામાજિક તત્ત્વો દ્વારા પોલીસની હાજરીમાં આતંક મચાવવાની ઘટના ઘટી હતી, ત્યારબાદ ફરી એકવાર રખિયાલમાં યુવકનું અપહરણ કરી ઢોર માર માર્યો હોવાના સીસીટીવી સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે ચાર શખ્સ ટુ-વ્હીલર પર બેસીને આવે છે અને એક વ્યક્તિને દંડા વડે માર મારે છે અને તીક્ષ્ણ હથિયાર બતાવીને અપહરણની ઘટનાને અંજામ આપે છે.